# પંચમ સૂર મેં ગૂંગા બોલે

GJ 891.473
SH 136 P



કાન્તિ શાહ

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# પંચમ સૂર મેં ગૂંગા બોલે

કાન્તિ શાહ

યજ્ઞ પ્રકાશન
ભૂમિપુત્ર હુજરાતપાગા વડોદરા ૩૯૦ ૦૦૧.

૧૦ રૂપિયા

(શ્રી બાબુલનાથ મંદિર ચેરિટીઝ, મુંબઈની સહાયથી)

GJ
891.473
Sh136P

Library IIAS, Shimla
GJ 891.473 SH 136 P
00130278

INDIAN INSTITUTE OF ADVANCED STUDY SHIMLA
Acc. No. 130278
Date 10-9-2010

પ્રથમ આવૃત્તિ
ફેબ્રુઆરી ૨૦૦૫ : પ્રત ૧૦૦૦

પ્રકાશક
જગદીશ શાહ
યજ્ઞ પ્રકાશન સમિતિ હુજરાતપાગા વડોદરા ૩૯૦ ૦૦૧

મુદ્રક
મધુ પેકેજિંગ કારેલીબાગ વડોદરા

# આર્ત પ્રાર્થના

ફ્લુષિત રાજકારણ, સંકીર્ણ ધર્માંધતા, આક્ષેપો અને પ્રતિ-આક્ષેપો, દલીલો અને પ્રતિ-દલીલો, કટ્ટર વલણો, વગેરેથી ડહોળાઈ ગયેલ વાતાવરણમાં મૂંગી નિર્દોષ પ્રજા વીંખાઈ-પીંખાઈ રહી છે તથા સ્વસ્થ સુસંવાદી સૂર પણ ગૂંગો થઈ ગયો છે, ત્યારે પ્રાર્થના આટલી જ –

દ્વાર દયા કા જબ તૂ ખોલે
પંચમ સૂર મેં ગૂંગા બોલે !

**–કાન્તિ શાહ**

## અનુક્રમ


૧. તૂટેલો તંતુ સાંધવો રહ્યો ............................ ૫

૨. ભાગલા ધર્મને કારણે નહીં, રાજકારણને લીધે ..... ૧૦

૩. દ્વિ-રાષ્ટ્રની થિયરીના ભાંગીને ભુક્કા ................. ૧૫

૪ પ્રજાજીવનનું એકત્વ ને સાંસ્કૃતિક સુસંવાદિતા...... ૨૦

૫ સાવ નવું પ્રકરણ શરૂ કરવાની તાતી જરૂર......... ૨૫

## ૧

# તૂટેલો તંતુ સાંધવો જ રહ્યો

**કો**મી વિખવાદના પ્રશ્ન બાબત શાંતિથી સ્વસ્થ ચિત્તે થોડું સહ-ચિંતન કરવાની જરૂર છે. દુર્ભાગ્યે છેલ્લાં બે-અઢી વરસથી આ અંગે વૈચારિક વાતાવરણ એટલું બધું ડહોળાઈ ગયું છે કે ચિંતન-પ્રક્રિયા કુંઠિત થઈ ગઈ છે. મન બહુ આળાં થઈ ગયાં છે અને ભિન્ન ભિન્ન અભિગમોના વળ ચઢી ગયા છે. તેથી વાદે વાદે તત્ત્વબોધ નિષ્પન્ન થવાને બદલે મોટે ભાગે વાદ-વિવાદ અને મન-કલેશ જ ઊભા થતા રહે છે. સહ-ચિંતન અને વિચારોનું સ્વસ્થ આદાન-પ્રદાન મુશ્કેલ બની ગયું છે.

સામાન્ય રીતે આ દિવસોમાં આ બાબત ચાર પ્રકારના અભિગમો મુખ્ય રહ્યા છે : ૧-હિંદુ કટ્ટરવાદી, ૨-મુસ્લિમ કટ્ટરવાદી, ૩-કટ્ટર સેક્યુલરવાદી અને ૪-સેક્યુલરવાદના પ્રત્યાઘાત રૂપે કટ્ટર બુદ્ધિવાદી. આ ચારેય અભિગમો વચ્ચેની ખેંચાતાણી, અને તેમાંયે ક્યારેક તો પહેલા ને બીજા વચ્ચેની નહીં પણ ત્રીજા ને ચોથા વચ્ચેની ખેંચાતાણી એવી તીવ્ર બની જાય છે કે સ્વસ્થ વિચાર-વિનિમય અને નીતર્યું ચિંતન અશક્ય બની જાય છે.

આવી વ્યર્થ ખેંચાતાણીમાંથી આ બાબતને બહાર ખેંચી લેવી જોઈએ. મારી અરજ છે કે આ ચારેય અભિગમોથી ભિન્ન અને નિરપેક્ષ એવો પંચમ અભિગમ પણ હોઈ શકે. તે નર્યા માણસ તરીકેનો અભિગમ હોય, માનવ-એકતા અને સંસ્કૃતિ-સંગમ માટે ઊંડી નિસબત ધરાવનાર નિરુપાધિક વિચારક-ચિંતકનો અભિગમ હોય. તે અભિગમમાં ઇતિહાસને કોઈ ધર્મ-કોમ-જગતના ઇતિહાસ તરીકે નહીં, પણ માણસની ઉત્ક્રાંતિના ઇતિહાસ તરીકે જોવાનો હોય. તે અભિગમમાં ધર્મ-સંપ્રદાયનો અસ્વીકાર નહીં, બલ્કે માણસના વિકાસક્રમમાં સર્વ ધર્મ-સંપ્રદાયોએ ભજવેલા ભાગનો અહેસાનમંદ સ્વીકાર હોય તથા હવે આગળના સોપાન રૂપે બધાથી ઉપર એવો માનવધર્મ વિકસાવવાની નેમ હોય. આજના ડહોળાયેલા વાતાવરણમાં આ પંચમ અભિગમ લગભગ વિસરાયો છે, ઉવેખાયો છે. આ પંચમ અભિગમ સમાજમાં ફરી એસર્ટિવ બને, પ્રભાવક બને તથા આ બાબત કાંઈક નીતર્યું ચિંતન થઈ શકે, એવું વાતાવરણ ઊભું કરવાનો પડકાર આજે આપણા સહુની સામે છે.

આ પંચમ અભિગમનું વ્યવહારુ પાસું પણ છે. (અત્યારે આપણે હિંદુ-મુસ્લિમ કોમી સમસ્યાની જ વાત કરી રહ્યા છીએ.) હિંદુ-મુસ્લિમ આ દેશમાં હજારેક વરસથી સાથે વસી રહ્યા છે. બંને વચ્ચે ઘણા ભેદભાવ અને ક્યારેક વેરભાવ છતાં બંનેનું એક સંમિશ્રિત

પ્રજાજીવન સેંકડો વરસોથી આ ધરતી ઉપર પાંગરી રહ્યું છે. તાણાવાણાની જેમ બંને એકબીજા સાથે સંકળાયેલા છે. એટલે કોમી વિખવાદને લઘુમતી-બહુમતીના સવાલ રૂપે નહીં, પણ એક સંમિશ્રિત પ્રજાની અંદરોઅંદરના વિખવાદ રૂપે જોવો જોઈએ. એ ભૂલવું ન જોઈએ કે મુસ્લિમ વસ્તીની દૃષ્ટિએ દુનિયાભરમાં ભારત બીજા નંબરે છે તથા આપણે ત્યાં મુસ્લિમોની સંખ્યા પાકિસ્તાન કરતાંયે વધારે છે.

આમ, કોમી વિખવાદનાં કારણો તેમજ તેના વારણ-મારણના ઉપાયો આપણે શોધવા જ રહ્યા, કારણ કે બંને કોમો આ દેશમાં કાયમ સાથે જ રહેવાની છે. એટલે કેટલોક વરવો ભૂતકાળ હોય, તો તેને વાગોળ્યે ન રખાય, જૂનું ખોદી-ખોદીને યાદ ન કરાય. કેટલુંક ભૂલવું પડે, ગળી જવું પડે. ખરાબ-ખરાબને ગાયા કરવાને બદલે સારા-સારાને ખોળી-ખોળીને આગળ કરાય. ભેદભાવનાં બિંદુ નહીં, સમાનતાનાં બિંદુ શોધવાં પડે, દોષ નહીં, ગુણ જોવા પડે. સૌથી મોટી સચ્ચાઈ સાથે રહેવાની અને નિકટ આવવાની છે. એટલે જેમને સાથે જ રહેવું છે કે રહેવું પડે તેમ છે, તેમને માટે આ તદ્દન વ્યાવહારિક વાત છે. આમાં તુષ્ટિકરણ કે તાટસ્થ્યના અભાવનો સવાલ નથી. પંચમ અભિગમ એ સાવ સ્વાભાવિક એવી એક વ્યાવહારિક ભૂમિકા પણ છે. આવા એક વ્યાપક પરિપ્રેક્ષ્યમાં આ બાબતની આપણે થોડી છણાવટ કરીએ.

આજે સૌથી મોટી જરૂરિયાત છે —આપણી ભારતીય સંસ્કૃતિની ગરિમા ને ગૌરવ વિશેની યથાર્થ સભાનતાની તેમ જ તેના સંગોપન-સંવર્ધન માટેની આત્મીય નિસબતની. ભારતીય સંસ્કૃતિ એક સર્વ સમાવેશક સંસ્કૃતિ છે. *'એકં સત્ વિપ્રા બહુધા વદન્તિ'* અને *'સમન્વય'*—આ બે મંત્ર એ ભારતની વિશ્વને અમોલી દેણ છે. પાર વિનાના વિચારભેદ, આચારભેદ અને ભૂમિકાભેદને પચાવી જવાની, ઓગાળી જવાની ક્ષમતા ભારતીય સંસ્કૃતિમાં છે. વિવિધતામાં એકતાના મંત્રને ચરિતાર્થ કરવાની ગુંજાશ તેનામાં છે અને એ જ તેનું ધ્રુવપદ છે.

માનવ-ઉત્ક્રાંતિમાં ભારતનું આ એક વિશેષ પ્રદાન છે. આને એક સિદ્ધિ રૂપે નહીં, એક પ્રક્રિયા રૂપે જોઈએ. આ છે, સમન્વયની પ્રક્રિયા, સંસ્કૃતિ-સંગમની પ્રક્રિયા. દુનિયાના ખૂણે-ખૂણે જે વિવિધ સંસ્કૃતિઓ પાંગરી છે, તેનો સંગમ અનિવાર્ય છે. તેના વિના યથાર્થ વિશ્વીકરણ થઈ જ નહીં શકે અને વિશ્વશાંતિ સિદ્ધ જ નહીં થાય.

આમ, સંસ્કૃતિ-સંગમ એ ભારતીય સંસ્કૃતિનું મિશન છે. આ માત્ર એક જ ધરતી પર પાંગરેલ વિભિન્નતાના સમન્વયની વાત નથી, બૃહદ્ સમન્વયની, દુનિયાભરની વિભિન્ન સંસ્કૃતિઓના સમન્વયની વાત છે. આજકાલ 'કલેશ ઓફ

સિવિલાઈઝેશન્સ' —ભિન્ન ભિન્ન સભ્યતાઓ ને સંસ્કૃતિઓ વચ્ચેના સંઘર્ષની ચર્ચા ચાલે છે. હટિંગ્ટને તો તેનું પુસ્તક પણ લખ્યું છે. પરંતુ ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓ વચ્ચેનો સંઘર્ષ નહીં, સર્વનો સમન્વય, સર્વનો સંગમ. ભારતીય સંસ્કૃતિ એટલે આવા સંસ્કૃતિ-સંગમનો ઇતિહાસ.

પરાપૂર્વથી અહીં વિશ્વમાનુષ: શબ્દ અને *'યત્ર વિશ્વમ્ ભવતિ એક નીડમ્'*ની ભાવના ગુંજતી રહી છે. બહારથી ભિન્ન ભિન્ન જમાતો આવી, ભિન્ન ભિન્ન સંસ્કૃતિ સાથેના ધર્મો આવ્યા, એકમેક સાથે ભળતા ગયા, અને અહીં એક સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિ પાંગરતી રહી છે. ઈશુના ગયા બાદ ૫૦ વરસની અંદર-અંદર સેન્ટ થોમસ કેરલમાં આવ્યો અને અહીં જ તેનો દેહાંત થયો. કાલડી નજીક સેન્ટ થોમસનું સ્મારક પણ છે. એટલે કે ખ્રિસ્તી ધર્મ યુરોપમાં ગયો, તે પહેલાં ભારતમાં આવ્યો હતો. મુસ્લિમ બાદશાહો આવ્યા, તે પહેલાં સૂફી સંતો ને ફકીરો અહીં આવ્યા હતા તથા અહીંના પ્રજાજીવન સાથે ઓતપ્રોત થઈ ગયા હતા. 'ફકીર' શબ્દ અહીં બોલચાલની ભાષામાં ઊતરી ગયો હતો, તે આનો એક પુરાવો છે. મહારાષ્ટ્રના પ્રજાજીવન સાથે એકરૂપ થઈ જનાર અને મરાઠીમાં લખી જનાર આવા એક મહાન સૂફી સંત શેખ મોહમ્મદ વિશે શિવાજીના ગુરુ ગણાતા એવા સમર્થ રામદાસે ઉદ્ગારો કાઢેલા —''ધન્ય હો શેખ મોહમ્મદ ! તેં આ બ્રહ્માંડના ભેદો અમારી સામે અદ્ભુત શૈલીમાં ખોલી બતાવ્યા છે. હું તારી ચરણરજ મારા માથે ચઢાવું છું.''

સારાંશ કે, ભારતભૂમિમાં એક સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિ પાંગરી રહી હતી. હિંદુ અને મુસલમાન અહીં હજારેક વરસથી સાથે રહેતા આવ્યા છે. પરંતુ એ એક હકીકત છે કે ૧૯મી સદીના અંત સુધી ધર્મના નામે બંને કોમ વચ્ચે હુલ્લડ એક પણ વાર નથી થયું. લડાઈઓ થયેલી, પણ તે રાજાઓ અને બાદશાહો વચ્ચે, હિંદુ-મુસ્લિમ પ્રજા વચ્ચે નહીં. અને રાજાઓની લડાઈમાં હિંદુ સામે હિંદુ તેમ જ મુસ્લિમ સામે મુસ્લિમ પણ લડેલા. રાજાઓ અને બાદશાહોના સૈન્યમાં હિંદુ અને મુસલમાન બંને સૈનિકો રહેતા તથા પોતપોતાના રાજાના પક્ષે લડતા. શિવાજી લડેલા તે પણ ધર્મયુદ્ધ હરગિજ નહોતું, તે રાજાઓની જ લડાઈઓ હતી. શિવાજીના સૈન્યમાં સામાન્ય સૈનિકો જ નહીં, બહુ ઊંચા હોદ્દા પરના સરદારો સુધ્ધાં મુસલમાન હતા. શિવાજીનો અંગરક્ષક મદાની મેહતર મુસ્લિમ હતો અને તેણે જ પોતાના જાનના ભોગે શિવાજીને આગ્રાની કેદમાંથી છોડાવેલા. પાછળથી શિવાજી અને ઔરંગઝેબ વચ્ચે સંધીની વાટાઘાટો થઈ, ત્યારે ઔરંગઝેબનો દૂત એક બ્રાહ્મણ વકીલ હતો અને શિવાજીનો દૂત એમનો વિશ્વાસુ સરદાર કાઝી હૈદર હતો.

મતલબ કે, ઓગણિસમી સદીના અંત સુધી હિંદુ અને મુસ્લિમ વચ્ચે ધર્મના નામે કોઈ કોમી દુશ્મનાવટ નહોતી. પ્રજાના સ્તરે બંને એકબીજા સાથે વધુ ને વધુ હળતામળતા જતા હતા અને બંનેનું એક સહિયારું સંમિશ્રિત પ્રજાજીવન પાંગરતું જતું હતું. આખો મુગલકાળ પણ કાંઈ પાછળના અંગ્રેજી શાસનના વખત જેવો આ દેશનો ગુલામીકાળ નહોતો. જેમ હિંદુ રાજાઓનું રાજ ચાલતું, તેમ મુગલ બાદશાહોનું રાજ ચાલતું. અંગ્રેજો તો બહારના જ રહ્યા. તેમણે અહીં આવીને આ દેશની પ્રજાનું શોષણ કર્યું, તેઓ આ દેશની સંપત્તિ ઉસેડીને દેશની બહાર લઈ ગયા અને દેશનું બધું ભાંગી-તોડીને દેશને કંગાળ બનાવતા ગયા. જ્યારે મુગલો તો અહીંના જ થઈને રહ્યા, અહીંના પ્રજાજીવન સાથે ઓતપ્રોત થતા ગયા, અહીંના કળા-સાહિત્ય-સંગીત-સ્થાપત્ય વગેરેમાં પોતાનું આગવું પ્રદાન આપતા રહ્યા તથા આ દેશની સંસ્કૃતિને સમૃદ્ધ કરતા રહ્યા. ૧૮૫૭નો અંગ્રેજો સામેનો જંગ પણ હિંદુ-મુસ્લિમ બંને ખભે ખભા મિલાવી સાથે રહીને જ લડેલા.

આ બધી ઉવેખી ન શકાય એવી તેમજ ભૂંસી ન શકાય એવી નક્કર ઐતિહાસિક હકીકતો છે. એટલે કે ઓગણિસમી સદીના અંત સુધીમાં બંને કોમ વચ્ચે, બંને ધર્મ વચ્ચે અને



બંને સંસ્કૃતિઓ વચ્ચે બૃહદ્ સમન્વય માટેનો તખ્તો તૈયાર થયેલો. સમન્વયની આ ભૂમિમાં બે સંસ્કૃતિના મહા સમન્વય માટેની ઘડી પાકી ચૂકેલી. તે જ વખતે રામકૃષ્ણ પરમહંસની સર્વ ધર્મોની એકતા અંગેની સાક્ષાત્ અનુભૂતિએ આ મહા સમન્વય ઉપર દિવ્ય મહોર મારી દીધી.

આ એક અદ્દ્ભુત ઘટના છે. આ એક અદ્દ્ભુત દેણ રામકૃષ્ણ પરમહંસ દ્વારા ભારતને અને દુનિયાને પ્રાપ્ત થઈ છે. સર્વ ધર્મોની એકાત્મતા માત્ર બૌદ્ધિક સ્તરે જ નહીં, એક વ્યક્તિના રોમરોમની સાક્ષાત્ અનુભૂતિ રૂપે પ્રતિપાદિત થઈ ગઈ છે. *'એકં સત્ વિપ્રા બહુધા વદન્તિ'* –ભારતીય સંસ્કૃતિના આ વેદમંત્રને રામકૃષ્ણ પરમહંસ સગુણ સાકાર જીવતો કરી ગયા છે.

આને લીધે સર્વધર્મ-સમન્વય માટેની એક નક્કર ભૂમિકા બંધાઈ ગઈ. આ મહા સમન્વયના નવા યુગનો ઉદ્દ્ઘોષ વિવેકાનંદ ૧૮૯૩માં શિકાગોની સર્વ ધર્મોની વિશ્વસભામાં કરી આવ્યા. વિવેકાનંદે 'વેદાંતી મગજ અને ઇસ્લામી દેહવાળા ભવ્ય ને અજેય એવા ભાવિ હિંદ'નું સપનું જોયું. એમણે કહ્યું કે, ''સર્વ ધર્મોની એકતા માનવજાત સમક્ષ પ્રગટ કરવી, એ મારા ગુરુનું મિશન છે.'' ૧૮૯૭માં રામકૃષ્ણ મિશનની સ્થાપના વખતે જાહેર કર્યું કે, ''શ્રી રામકૃષ્ણદેવ જે કાર્યનો આરંભ કરી ગયા છે, તેને આગળ

ચલાવવું, એ આપણા આ રામકૃષ્ણ મિશનનું વ્રત હશે.'' ૧૮૯૮માં બેલુર મઠની સ્થાપના વખતે ફરી દોહરાવ્યું કે, ''આ સ્થળ સર્વધર્મો અને પંથોના સમન્વયનું કેન્દ્ર બનશે.''

આમ, ઓગણિસમી સદીના અંતે આ ભારતભૂમિમાં હજારો વરસથી ચાલી રહેલી સમન્વયની પ્રક્રિયા હવે વધુ વ્યાપક થઈ રહી હતી. ભારતીય સંસ્કૃતિ સાથે ભારતની બહારની અન્ય સંસ્કૃતિઓના સંગમ માટેની એક ભૂમિકા રચાઈ ગઈ હતી. બૃહદ્ સંસ્કૃતિ-સંગમની પ્રક્રિયાનો આરંભ થઈ રહ્યો હતો. માત્ર ભારતની જ દષ્ટિએ નહીં, વિશ્વની દષ્ટિએ પણ આનું ખૂબ જ મહત્ત્વ હતું. વિભિન્ન સંસ્કૃતિઓ વચ્ચે સંઘર્ષ નહીં, તે બધી વિવિધ સંસ્કૃતિઓનો સંગમ, એ જ માનવ-ઉત્ક્રાંતિનું આગળનું સોપાન છે. આ દષ્ટિએ આ વાત અત્યંત સમયોચિત હતી.

આનાથી ભારતીય સંસ્કૃતિનીયે પૂર્તિ ને પુષ્ટિ જ થવાની છે. વિવેકાનંદે હિંદુ અને ઇસ્લામ ધર્મના સમન્વયની વાત ખૂબ ભારપૂર્વક કહેલી તથા ખ્રિસ્તી ધર્મમાંથીયે મિશનરી સેવાની વાત ઉપાડી લઈને 'દરિદ્રનારાયણ' જેવો અર્થસૂચક શબ્દ આપેલો. આવી જ રીતે વિનોબાજીએ પણ કહ્યું કે, ''ઇસ્લામ સમાનતા ને ભાઈચારો શીખવે છે તથા સેવામય કામો કરવાની પ્રવૃત્તિ એ ખ્રિસ્તી ધર્મની વિશેષતા છે. આ બંને ચીજો ભારતીય સંસ્કૃતિએ અપનાવી લેવાની છે.'' આવો બૃહદ્ સંસ્કૃતિ-સંગમ માટેનો તખ્તો વીસમી સદીના આરંભે સમન્વયની આ ભારતભૂમિમાં તૈયાર થયેલો.

પરંતુ દુર્ભાગ્યે વીસમી સદીમાં આ સંસ્કૃતિ-સંગમની પ્રક્રિયા ઉપર ભારે મોટા કુઠારાઘાત થયા, જેને લીધે આ પ્રક્રિયા અત્યંત કુંઠિત થઈ ગઈ અને તેમાં એક સો વરસનો ભારે મોટો વિક્ષેપ આવી ગયો. પૂરાં સો વરસનો એક અંધકાર યુગ આવી ગયો. રામકૃષ્ણ-વિવેકાનંદે આરંભેલી સમન્વયની પ્રક્રિયાનો તંતુ તૂટી ગયો. સમન્વયને બદલે વિઘટનનાં પરિબળો હાવી થઈ ગયાં.આજે જે કોમી વિખવાદની સમસ્યા આપણી સામે ધુરકિયાં કરી રહી છે, તેને આ સંદર્ભમાં જોવાની છે અને સમજવાની છે. અને એટલું પણ નક્કી છે કે આ સમસ્યાનો જો કાયમનો ઉકેલ લાવવો હશે, તો સો વરસ પહેલાં તૂટેલા તંતુને ફરી સાંધી લેવો પડશે તથા રામકૃષ્ણ-વિવેકાનંદે આરંભેલી પ્રક્રિયાને જ આગળ વધારવી પડશે.

## ૨

# ભાગલા ધર્મને કારણે નહીં, રાજકારણને લીધે

**રા**મકૃષ્ણ-વિવેકાનંદ દ્વારા સર્વધર્મ-સમન્વય અને સંસ્કૃતિ-સંગમના એક નૂતન અભિગમનો આરંભ થયો. માનવ-ઉત્ક્રાંતિની દૃષ્ટિએ આ એક ઘણું મહત્ત્વનું પગલું હતું. ત્યારે દુનિયા એક નવા યુગમાં પ્રવેશી રહી હતી. આમ તો માણસની સામ્રાજ્યવાદી લાલસા તેનું પ્રેરકબળ બની હતી. પરંતુ તેની આડપેદાશ રૂપે એક ઈષ્ટ પરિણામ એ આવી રહ્યું હતું કે માણસ એકબીજાની નજીક આવી રહ્યો હતો. આખીયે માનવજાતનું ભાવિ પરસ્પર એકબીજા સાથે ગુંથાઈ જઈ રહ્યું હતું. માણસ હવે છૂટોછવાયો પોતપોતાના સીમિત દાયરામાં વેરવિખેર જીવી શકવાનો નહોતો.

આની સાથોસાથ દુનિયાના જુદા જુદા ભાગોમાં પાંગરેલા ધર્મો અને સંસ્કૃતિઓ પણ એકબીજાની નજીક આવી રહ્યાં હતાં. ત્યારે તે બધાં વચ્ચે સંઘર્ષ થશે કે તે બધાંનો સમન્વય થશે ? જો સંઘર્ષ થાય, તો ધર્મભાવના ને સંસ્કૃતિ-સાધનાના પરિણામસ્વરૂપ માનવજાતે અત્યાર સુધીમાં જે કાંઈ મેળવેલું ને સિદ્ધ કરેલું, તે બધું વેરાઈ-વિખેરાઈ જાય. પરંતુ આ બધાંનો જો સમન્વય થઈ શકે તો એક માનવધર્મ અને એક વિશ્વ-કુટુંબની દિશામાં આગળ વધવા માટેની અનુકૂળતા ઊભી થઈ શકે. આવા વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જોઈએ, તો રામકૃષ્ણ-વિવેકાનંદ દ્વારા સર્વધર્મ-સમન્વય અને સંસ્કૃતિ-સંગમની જે પ્રક્રિયાનો આરંભ થયેલો, તેનું ઔચિત્ય તેમજ સમયોચિતતા એકદમ ખ્યાલમાં આવશે.

ભારત આને માટેની પ્રયોગભૂમિ બને તથા હિંદુ ધર્મ તેમાં અગ્ર ભાગ ભજવે, તે પણ સર્વથા સમુચિત જ હતું. વિવિધતામાં એકતાની આ સાધના-ભૂમિ હતી અને *'એકં સત્ વિપ્રા બહુધા વદન્તિ'* એ હિંદુ ધર્મનો ગુરુ મંત્ર હતો. આમ, રામકૃષ્ણ-વિવેકાનંદ દ્વારા આ ભારતભૂમિમાં જે નૂતન અભિગમનો આરંભ થયો, તે સાવ સ્વાભાવિક તથા ભારતીય સંસ્કૃતિના પ્રવાહપ્રાપ્ત આગળના સોપાન રૂપ જ હતો.

પરંતુ દુર્ભાગ્યે આમ ન થઈ શક્યું. વીસમી સદીમાં સમન્વય કરતાં વિભાજનનાં પરિબળો તથા સ્નેહ-સદ્ભાવ કરતાં વેરઝેર ને વિખવાદનાં પરિબળો વધુ બળૂકાં પુરવાર થયાં અને સમન્વય-પ્રક્રિયા રૂંધાઈ ગઈ. આમાં અનેકાનેક જટિલ પરિબળોએ અને સંજોગોએ ભાગ ભજવ્યો. તેમાં અંગ્રેજોની કુટિલ રાજનીતિ એક સૌથી મોટું નકારાત્મક, વિપરીત ને વિઘાતક પરિબળ બની રહ્યું.

અંગ્રેજોએ 'ફૂટ પડાવો અને રાજ કરો' –ની રાજનીતિ અપનાવી. ૧૮૫૭ના વિદ્રોહ વખતે તો હિંદુઓ ને મુસ્લિમો ખભે ખભા મિલાવીને અંગ્રેજો સામે લડેલા. એ જંગ વિશે સાવરકરે ૧૯૦૯માં પુસ્તક લખેલું —'ધ વૉર ઑફ ઇન્ડિયન ઇન્ડીપેન્ડન્સ ઑફ ૧૮૫૭.' તેમાં એમણે હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિ વચ્ચેની વિવિધતાને મેઘધનુષના વિવિધ રંગોના સૌંદર્ય સાથે સરખાવેલી, હિંદુ-મુસ્લિમ એકતાને બિરદાવેલી તથા આપણી માતૃભૂમિને ગુલામીમાંથી મુક્ત કરવા બીજા સશસ્ત્ર જંગ માટે કટિબદ્ધ થવા હાકલ કરેલી.

આ જ અરસામાં મહમ્મદ ઈકબાલે આ ભારતભૂમિ માટે અગાધ પ્રેમ વ્યક્ત કરતું ગીત લખેલું —'સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા !' પરંતુ ખંધા અંગ્રેજોને આ હિંદુ-મુસ્લિમ એકતા જ પોતાના માટે સૌથી મોટા જોખમ રૂપ લાગી. તેથી એમણે આ એકતાને છિન્નભિન્ન કરી નાખવાનો મનસૂબો ઘડ્યો અને તે માટે અધમમાં અધમ કારસા રચ્યા.

અંગ્રેજોનું રાજ અહીં જેમજેમ સ્થિર થતું ગયું તેમતેમ એ રાજની પડખે રહીને વધુ ને વધુ લાભ મેળવતા જવાની લાલસા બળવત્તર બનતી ગઈ. ઉપરાંત, હિંદુ-મુસ્લિમ બંને પોતપોતાના સ્વાર્થ અને હિત-રક્ષણની દષ્ટિએ વધુ ને વધુ વિચારતા થઈ ગયા. તેમાંથી કોમી સંગઠનો ઊભાં થયાં. ૧૯૦૬માં મુસ્લિમ લીગની સ્થાપના થઈ. ૧૯૦૭માં પંજાબ હિંદુ સભાની, ૧૯૧૫માં હિંદુ મહાસભાની અને ૧૯૨૫માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના થઈ. ધર્મના નામે જુદા જુદા ચોકા ઊભા થયા અને એમના તરફથી ધાર્મિક કટ્ટરતા અને ધર્મઝનૂનનું વાતાવરણ દેશમાં ફેલાતું ગયું.

આવાં વિપથગામી પરિબળોએ સમન્વયની પ્રક્રિયા છોડીને પોતાની આણ પ્રવર્તાવવાની રાજકારણી વિચારસરણીનો ને રીતરસમોનો આશરો લીધો. બંનેને પોતપોતાનું આધિપત્ય જોઈતું હતું. સમન્વયમાં એકબીજા ઉપર આધિપત્ય જમાવવાનું નથી હોતું, એકબીજા પ્રત્યે આત્મીયતા સાધવાની હોય છે. પરંતુ સમન્વયની પ્રક્રિયા છૂટી જવાથી એકબીજા ઉપર આધિપત્ય જમાવવાની ચડસાચડસી ચાલી.

આવા વાતાવરણમાં બંને કોમનાં માનસ વધુ ને વધુ દૂષિત થતાં રહ્યાં. બંને બાજુ કટ્ટરવાદી ને ધર્મઝનૂની તત્ત્વો માથું ઊંચકતાં રહ્યાં અને પરસ્પર દ્વેષભાવ, અવિશ્વાસ અને નફરત પેદા કરતાં રહ્યાં. આવાં કટ્ટરવાદી મુસ્લિમ તત્ત્વો હિંદુઓને પોતાનાથી હીન ને હલકા માનતા, પોતે તો શાસક બનવા જ સર્જાયા છે એવો ઘમંડ સેવતા, ઇસ્લામને જ શ્રેષ્ઠ માનતા અને ઇસ્લામનું સંકીર્ણ ને સ્થિતિચુસ્ત અર્થઘટન કરતા રહેતા. બીજી બાજુ, આવાં કટ્ટરવાદી હિંદુ તત્ત્વો એમ કહેતાં થયાં કે હિંદુસ્તાન હિંદુઓનું જ, અહીં હિંદુઓનું

જ વર્ચસ્વ હોય, હિંદુ સંસ્કૃતિ જ સર્વશ્રેષ્ઠ છે. આવો કટ્ટરવાદ બંને કોમ વચ્ચે વધુ ને વધુ દૂરીભાવ પેદા કરતો ગયો.

તેમાં વળી, વિઘટનની ને વિભાજનની એક જડબેસલાક ફિલસૂફી જ ઊભી કરી દેવાઈ. તેમાં એમ કહેવાયું કે બંને કોમ એટલી જુદી જુદી છે કે સાથે રહી જ શકે નહીં. તે બંને જાણે બે જુદાં જુદાં રાષ્ટ્ર જ છે. આ દ્વિરાષ્ટ્રવાદની થિયરીનું તાર્કિક શાસ્ત્ર પહેલવહેલું સાવરકરે ઊભું કરી દીધું અને પાછળથી મુસ્લિમ લીગે આ દ્વિરાષ્ટ્રવાદની થિયરીને ઉપાડી લઈને દેશના ભાગલાની માગણી જોરશોરથી કરી.

સાવરકરે ૧૯૨૩માં 'હિંદુત્વ' પુસ્તક લખ્યું. તેમાં એમણે કહ્યું કે મુસ્લિમો ને ખ્રિસ્તીઓ બહારના છે. એમની પુણ્યભૂમિ (એટલે કે *'હોલી લેન્ડ'* કે જે ભૂમિમાં એમના ધર્મનું પારણું હોય) આ દેશમાં નહીં વિદેશમાં છે, એટલે તેઓ અહીંની સંસ્કૃતિના એક ભાગ બની શકે નહીં. એમની સંસ્કૃતિ અલગ અને આપણી સંસ્કૃતિ અલગ. એક હિંદુ રાષ્ટ્ર અને બીજું મુસ્લિમ રાષ્ટ્ર. એ બંને સાથે સાથે રહી શકે નહીં.

સાવરકરની આ ફિલસૂફીને વધુ વળ ચઢાવ્યો ગુરુ ગોળવલકરે. ૧૯૩૮માં એમણે 'વી ઓર અવર નેશનહૂડ ડિફાઇન્ડ' પુસ્તક લખ્યું. તેમાં એમણે કહ્યું કે હિંદુઓ જ આ દેશના આદિ નિવાસી છે અને એટલે તેના કુદરતી માલિક છે. આ હિંદુ રાષ્ટ્ર છે. જેઓ આ હિંદુ રાષ્ટ્રીયતામાં ન સમાઈ શકે તેમને હિંદુ રાષ્ટ્રમાં કોઈ સ્થાન નથી.

આ ભારતીય સંસ્કૃતિને પારોઠનાં પગલાં ભરાવતી ફિલસૂફી હતી. તે સર્વસમાવેશક (all-inclusive) ભારતીય સંસ્કૃતિની નહીં, સંસ્કૃતિ-સંઘર્ષની અલગાવવાદી (exclusive) ફિલસૂફી હતી. તે સમન્વયની નહીં, વિઘટન અને વિભાજનની ફિલસૂફી હતી. અને આના આઘાત-પ્રત્યાઘાત ઊઠતા રહ્યા.

આ દ્વિરાષ્ટ્રવાદની ફિલસૂફીએ ભારતીય સંસ્કૃતિની સમન્વયની પ્રક્રિયાને રૂંધી નાખી, કુંઠિત કરી નાખી. વિવેકાનંદે સર્વ ધર્મોના સમન્વય અને સુસંવાદનો જે વાવટો વિશ્વના રંગમંચ પર લહેરાવ્યો હતો, તેના આ ફિલસૂફીએ લીરા-ચીરા ઉડાવી દીધા. રામકૃષ્ણ પરમહંસે સાક્ષાત્ અનુભૂતિના આધારે સર્વ ધર્મોને પોતીકા ગણ્યા હતા, તે અનુભૂતિની ઘોર ઉપેક્ષા ને અવહેલના કરીને આ ફિલસૂફીએ ધર્મ-ધર્મ વચ્ચે પરાયાપણાનો ભાવ અને દુર્ભાવ ફેલાવ્યે રાખ્યો.

રામકૃષ્ણ-વિવેકાનંદના તંતુને કોઈએ આગળ વધાર્યો હોય, તો તે ગાંધીજીએ. એમણે એકચિત્ત ને એકપ્રાણ થઈને સર્વધર્મ-

સમન્વય અને રાષ્ટ્રના સાંસ્કૃતિક પુનરુત્થાનની રામકૃષ્ણ-વિવેકાનંદની વાતને આગળ વધારી. હિંદુ-મુસ્લિમ એકતા એમના માટે કોઈ સામાન્ય ધ્યેય નહોતું, એ એમની જીવન-સાધનાનો જ એક ભાગ હતું. કોમી એકતા માટેની એમની અવિચળ નિષ્ઠાનાં મૂળ ભૂતમાત્રની એકાત્મતાના આધ્યાત્મિક દર્શનમાં રહેલાં હતાં. એમણે કહ્યું : ''હિંદુ ધર્મ માને છે કે જીવમાત્ર (માત્ર મનુષ્યો જ નહીં, મનુષ્યેતર સૃષ્ટિ પણ) એક છે.... હું કેવળ માનવ સાથે જ નહીં, ધરતી પર સળવળતાં ક્ષુદ્ર જંતુઓ સાથે પણ મારું તાદાત્મ્ય સાધવા ચાહું છું, કારણ કે આ બધી એક જ ઈશ્વરની સૃષ્ટિ છે.''

આમ, હિંદુ-મુસ્લિમ એકતા એ ગાંધી માટે કોઈ ચર્ચાની કે વિવાદની બાબત નહોતી. ધર્મના ભેદ તેઓ સ્વીકારી જ ન શકે. રામકૃષ્ણ પરમહંસને માટે સર્વધર્મની એકતા એ જેમ આત્મ-પ્રત્યયની બાબત હતી, તેમ ગાંધીને પણ આ બાબત આવો આત્મપ્રત્યય હતો. કોમી એકતાના પ્રશ્ને ગાંધીજીએ જીવનભર જે એકનિષ્ઠ મથામણ કર્યે રાખી, તેને યથાર્થપણે સમજવી હશે, તો મૂળમાં ગાંધીજીની આ ભૂમિકા સમજવી પડશે.

આપણે હમણાં જે પંચમ અભિગમની વાત કરી રહ્યા છીએ, એવો પંચમ અભિગમ ગાંધીનો હતો. તે તંતોતંત માનવતાવાદી અભિગમ હતો. તેમાં ક્યાંક ક્યાંક મુસ્લિમોને ગમે તે રીતે સાથે રાખવાનું વલણ જણાય છે, તે પણ આ પંચમ અભિગમના અનિવાર્ય એવા વ્યવહારુ પાસાને કારણે છે. આ દેશમાં હિંદુ-મુસ્લિમ બંનેએ સાથે જ રહેવાનું છે અને સંમિશ્રિત ભારતીય સંસ્કૃતિ વિકસાવવાની છે. તેઓ દ્વિરાષ્ટ્રવાદની થિયરીને હરગિજ સ્વીકારી શકે નહીં. તેથી તેમણે દ્વિરાષ્ટ્રવાદનો પ્રાણાર્પણેય વિરોધ જ કર્યો તથા આ ભારતભૂમિના પ્રાણ સમી સમન્વયાત્મક પ્રક્રિયાને આગળ વધારવાની જીવનભર મથામણ કરી.

આ સમન્વયાત્મક પ્રક્રિયાનાં અમૃત ફળ પ્રત્યક્ષ વ્યવહારમાં પણ ગાંધીકાળ દરમ્યાન જોવા મળ્યાં. રાષ્ટ્રીય સ્તરે મૌલાના આઝાદ, ખાન અબ્દુલ ગફારખાં, ઝાકિર હુસેન જેવાં ઇસ્લામનાં બહુમૂલાં રત્નો જ નહીં, સામાન્ય પ્રજાના સ્તરે પણ રેહાના તૈયબજી, ઇસ્માઈલભાઈ નાગોરી જેવા અનેકાનેક નામી-અનામી રાષ્ટ્રીય મુસ્લિમો યે આ સમન્વયાત્મક પ્રક્રિયાની કલ્યાણકારી નિષ્પત્તિની દુહાઈ દઈ જાય છે. બિલકુલ ડાઉન ટુ અર્થ રાજકીય સ્તરે પણ આ પ્રક્રિયા ઊજળાં પરિણામો દેખાડી રહી હતી. કોંગ્રેસ સાથે સંકળાયેલા રાષ્ટ્રીય મુસલમાનો સિવાય પણ બીજા ઘણા મુસ્લિમ વિદ્વાનો અને સંસ્થાઓ દ્વિરાષ્ટ્રવાદનો વિરોધ કરી રહ્યા હતા અને બિન-સાંપ્રદાયિક ભારતીય રાષ્ટ્રવાદનું જ સમર્થન કરી રહ્યા હતા. આમાં સૌથી વધુ નોંધપાત્ર દાખલો સિંધના મુસ્લિમ નેતા

અલ્લાહબક્ષનો છે. તેઓ કોમવાદથી બિલકુલ પર હતા અને તંતોતંત રાષ્ટ્રીય માનસ ધરાવતા હતા. દ્વિ-રાષ્ટ્રના સિદ્ધાંતનો તેઓ ઘોર વિરોધ કરતા. તેથી મુસ્લિમ લીગે ૧૯૪૦માં પાકિસ્તાનની માગણી કરતો ઠરાવ કર્યો કે તુરત એક મહિનાની અંદર એમણે અન્ય રાષ્ટ્રીય મુસ્લિમ આગેવાનોનો સાથ લઈને દિલ્લીમાં ચાર દિવસની એક 'આઝાદ મુસ્લિમ પરિષદ' ભરી, જેમાં દેશભરમાંથી વિવિધ ક્ષેત્રના ૧૪૦૦ જેટલા મુસ્લિમ આગેવાનોએ ભાગ લીધો. પરિષદે પાકિસ્તાનની રચના વિરુદ્ધ ઠરાવ કર્યો. પરિષદના અધ્યક્ષસ્થાનેથી અલ્લાહબક્ષે કહ્યું : ''આપણા સહુની એક સહિયારી સંમિશ્રિત અને સમન્વયાત્મક સંસ્કૃતિ છેલ્લાં હજારેક વરસથી આ દેશમાં પાંગરી રહી છે, જે વિશ્વભરની સભ્યતાઓમાં પોતાનું એક આગવું ને પ્રતિષ્ઠિત સ્થાન ધરાવે છે.'' પરંતુ ૧૯૪૩માં કટ્ટરવાદીઓએ એમનું ખૂન કરાવી નાખ્યું. હિંદુ-મુસ્લિમ એકતા અને દેશની અખંડતા માટે અલ્લાહબક્ષ રાષ્ટ્રીય સ્તરે પહેલા શહીદ છે.

ટૂંકમાં, વીસમી સદીમાં સમન્વયાત્મક પ્રક્રિયાને આગળ વધારવા માટે ગાંધીજી તેમ જ બીજાઓ દ્વારા ઘણો પુરુષાર્થ થયો હતો. પરંતુ કટ્ટર કોમવાદી પરિબળો તેમ જ સંકીર્ણ રાજકારણે તે પુરુષાર્થને કામયાબ થવા દીધો નહીં. ખંધા અંગ્રેજોની કુટિલ રાજનીતિએ પણ કાયમ બળતામાં ઘી હોમ્યા કર્યું. એમ પણ જોવા મળે છે કે ઝીણા, ઈકબાલ, સૈયદ અહમદ જેવી વ્યકિતઓ પણ એક તબક્કે આ સમન્વયની પ્રક્રિયાની પ્રખર સમર્થક હતી, પણ પાછળથી પરિસ્થિતિનાં પ્યાદાં રૂપ બની ગઈ અને સાવ વિરુદ્ધ ભૂમિકા ભજવી ગઈ. દેશના ભાગલા પડ્યા, તે ધર્મના કારણે નહીં, રાજકારણને કારણે પડ્યા. આમાં વ્યકિતગત મહત્ત્વાકાંક્ષા, પૂર્વગ્રહો, પરસ્પર અવિશ્વાસ, રાજકારણની ક્ષુદ્ર ચાલબાજી વગેરેએ ઘણો બધો ભાગ ભજવ્યો. આ બધું છેવટે સમન્વયની પ્રક્રિયાને ગળે ટૂંપો દઈને દેશના ભાગલા ભણી દોરી ગયું તથા કોમી દાવાનળમાં દેશને હોમી દીધો. આ ઝેર શમાવવા માટે કોઈક નીલકંઠની જરૂર હતી. ગાંધીની શહાદતે તત્કાળ પૂરતું તે ઝેર શમાવ્યું.

ગાંધીએ પરિસ્થિતિનું પ્યાદું બનવાનો ઇન્કાર કર્યો. એ છેવટે પરિસ્થિતિને પલાણી શક્યા નહીં, પરંતુ પરિસ્થિતિ પણ એમને પલાણી શકી નહીં. ગાંધી પરિસ્થિતિ સામે ઝૂઝતા રહ્યા, આખરી દમ સુધી ઝૂઝતા રહ્યા. હેમિંગ્વેનો પેલો વૃદ્ધ માછીમાર કહે છે તેમ –"Man can be destroyed, not defeated (માણસનો નાશ કરી શકાય, તેને હરાવી શકાય નહીં.)'' માણસના અદમ્ય આત્મબળની આવી પ્રતીતિ દુનિયાને કરાવીને ગાંધી ગયા અને કોમી દાવાનળને ઠારતા ગયા.

# ૩

# દ્વિ-રાષ્ટ્રની થિયરીના ભાંગીને ભુક્કા

દેશના ભાગલા પડ્યા, તે ધર્મના કારણે નહીં, અંગ્રેજોની કૂટ રાજનીતિ તથા તેના લીધે ઊભા થયેલ કોમવાદી સંકીર્ણ રાજકારણને કારણે પડ્યા. જોવા એમ મળે છે કે જે લોકો દેશની આઝાદીના બૃહદ્ ને ઉદાત્ત રાજકારણમાં પડેલા અને કોમવાદી સંકીર્ણ રાજકારણથી ખરડાયેલા નહોતા, તેઓ સંપૂર્ણપણે બિન-સાંપ્રદાયિક જ હતા તથા હિંદુ-મુસ્લિમ એકતાના હૃદયથી ઉપાસક હતા. આઝાદીની લડત માટે જેમણે ગાંધીજીથી ભિન્ન માર્ગ પકડેલો એવા શહીદ ભગતસિંહ જેવા પણ કોમી વિખવાદમાં બિલકુલ માનતા નહોતા તથા દ્વિરાષ્ટ્રવાદની થિયરીનો હરગિજ સ્વીકાર કરતા નહોતા. સુભાષચંદ્ર બોઝ પણ કાયમ હિંદુ-મુસ્લિમ એકતાના જ પ્રખર હિમાયતી રહેલા તથા જ્યારે એમણે આઝાદ હિંદ ફોજ ઊભી કરી, ત્યારે તેમાં પણ હિંદુ-મુસ્લિમ બંને ખભેખભા મિલાવીને દેશની આઝાદી માટે લડેલા. પરંતુ જેઓ આ રાષ્ટ્રીય આંદોલનોમાં ન ભળ્યા તેઓ જ આઝાદીના જંગથી અળગા રહીને કોમવાદી ઝનૂન તથા વિભાજન અને વિઘટનની પ્રક્રિયાને ઘૂંટતા રહ્યા. કદાચ અંગ્રેજો કરતાંયે અન્ય કોમવાળાને એમણે પોતાના વધારે દુશ્મન માન્યા !

આ કોમવાદી તત્ત્વોનું સંકીર્ણ રાજકારણ દ્વિરાષ્ટ્રવાદની થિયરીને જ ઘૂંટતું રહ્યું. આ થિયરી અંતતોગત્વા દેશના ભાગલામાં જ પરિણમી શકે, એવી સાવ દીવા જેવી સ્પષ્ટ હકીકતનું યે એમને ભાન ન રહ્યું. હિંદુ કોમવાદી તત્ત્વો તો અખંડ હિંદુસ્તાનનું જ રટણ કર્યા કરતાં હતાં, પરંતુ ખુદ પોતાના જ વિપરીત વલણને કારણે તેઓ દેશને વિભાજનની દિશામાં ધકેલતા રહ્યા.

સાવ સામાન્ય બુદ્ધિથી સમજાય એવી આ વાત હતી. એક ઘરમાં બે જણ રહેતા હોય. પણ પછી બંને સાથે રહી શકશે જ નહીં એવી ગાંઠ વાળી લે, તો ઘરના ભાગલા પાડવા સિવાય બીજો ઉપાય શો રહે ?

આવું જ રાષ્ટ્રની બાબતમાં. તમે કહો છો કે હિંદુ-મુસ્લિમ સાથે રહી જ નહીં શકે, બંને અલગ-અલગ રાષ્ટ્ર છે. છતાં સેંકડો વર્ષથી અહીં રહેતાં આવ્યાં છે. પેઢીની પેઢીઓ થઈ ગઈ. તેમાં વળી નેવું ટકા કરતાં વધારે તો મૂળ અહીંના જ છે, પાછળથી વટલાયેલા છે. તો હવે ઉપાય શો ? તેઓ પોતાનું અલગ રાષ્ટ્ર ઊભું કરવા અહીંની ભૂમિમાંથી જ અલગ ભૂમિ માગશે. આમ, દેશના ભાગલા અવશ્યંભાવી જ થઈ પડવાના. દ્વિ-રાષ્ટ્રવાદની થિયરીનું

આ ન નિવારી શકાય એવું તાર્કિક પરિણામ હતું. અને તેથી દેશના ભાગલા પડીને જ રહ્યા.

ગાંધીજીએ પ્રાણાર્પણે પણ દ્વિ-રાષ્ટ્રવાદની આ થિયરીનો વિરોધ કરેલો. ગાંધી પરિસ્થિતિ સામે ઝૂઝતા રહ્યા, છેલ્લા શ્વાસ સુધી ઝૂઝતા રહ્યા, દેહ તૂટી પડ્યો ત્યાં સુધી ઝૂઝતા રહ્યા. દ્વિ-રાષ્ટ્રવાદની થિયરી એ ભારતભૂમિની કોમી સમસ્યાનો ઉકેલ નથી, હરગિજ નથી. તેનો ઉકેલ રામકૃષ્ણ-વિવેકાનંદે પ્રબોધેલી સમન્વય અને સંસ્કૃતિ-સંગમની પ્રક્રિયા જ હોઈ શકે.

દેશના ભાગલા પછીની અડધી સદી આ જ તથ્યને સૂરજના પ્રકાશની માફક આપણી સામે ઉજાગર કરી ગઈ છે. છેલ્લાં પચાસ-પંચાવન વરસમાં જે કાંઈ બન્યું છે, તેણે આ થિયરીના ભાંગીને ભુક્કા કરી નાખ્યા છે.

આ દ્વિ-રાષ્ટ્રવાદની થિયરી ઉપાડી લઈને પાકિસ્તાનની માગણી ગજવનાર અને છેવટે ગમે તેમ કરીને દેશના ભાગલા પડાવનાર મહમદઅલી ઝીણા પોતાની મહત્ત્વાકાંક્ષા પૂરી કરીને પાકિસ્તાનના સર્વેસર્વા વડા હાકેમ બન્યા. પરંતુ એક વાર પાકિસ્તાન બની ગયું કે તેના વડા તરીકેના પોતાના પહેલા ભાષણમાં એમણે કહ્યું : ''પાકિસ્તાન ધર્મનિરપેક્ષ રાજ્ય છે. તે કોઈ રીતે ધાર્મિક રાજ્ય નહીં બને. અહીં મુસ્લિમો અને હિંદુઓ, ખ્રિસ્તીઓ વગેરે સહુ બિનમુસ્લિમો સમાન નાગરિકઅધિકારો ભોગવશે. નાગરિકોનો ધર્મ એમની વ્યક્તિગત બાબત છે, જેમાં રાજ્યની દખલ નહીં હોય.''

આને 'રાંડ્યા પછીનું ડહાપણ' કહેવું કે પછી સ્વાર્થ સધાઈ ગયા પછી સ્વાર્થ ખાતર સત્યને મારી-મચકોડીને વિકૃત કરી નાખેલું, તે છોડી દઈને મૂળ સત્યનો સ્વીકાર કહેવો ? આમાં બે રાષ્ટ્રનો સિદ્ધાંત કયાં રહ્યો ? અખંડ ભારતમાં પણ આવું થઈ જ શક્યું હોત ને !

જો કે ઝીણા ભલે કામ સરી ગયે પોતાનો કોમવાદી અંચળો ફગાવી દઈને ફરી ધર્મનિરપેક્ષ થઈ જઈ શક્યા; પરંતુ ધર્મઝનૂનના ઝેરથી પોષાયેલા એમના સાથીદારો માટે એ ઝેરના પાશમાંથી મુકત બનવું શક્ય નહોતું. તેથી પાકિસ્તાનમાં લઘુમતીઓને વરસો સુધી પુષ્કળ યાતનાઓ વેઠવાની આવી, જેના પ્રત્યાઘાતો આપણા દેશમાંયે પડતા રહ્યા.

વળી, આ ઝેર માત્ર લઘુમતીઓ પૂરતું જ સીમિત ન રહ્યું, તે અંદરોઅંદર પણ પ્રસરતું રહ્યું. ભારત છોડીને જે મુસ્લિમો હોંશે હોંશે પાકિસ્તાન રહેવા ગયા, એમનું સ્થાન ત્યાં દુય્યમ દરજ્જાના નાગરિક તરીકેનું જ રહ્યું. તેઓ ત્યાં 'મુહાજિર' —બહારથી હિજરત

કરી આવેલા કહેવાયા. આવા મુહાજિરોનું સમાનતા મેળવવાનું આંદોલન હજી આજ સુધી ત્યાં ચાલે છે.

ભેદભાવનું આ ઝેર પ્રસરતું-પ્રસરતું પાકિસ્તાનમાંના જ મૂળ રહેવાસીઓ વચ્ચેના સંબંધોનેય વિષમય બનાવી ગયું. પઠાણો, બલુચીઓ, સિંધીઓ, બંગાળીઓ, પંજાબીઓ મળીને એક જ ધર્મના હોવા છતાં અને એક જ રાષ્ટ્રમાં રહેવા છતાં એકરસ ને એકહૃદય પ્રજા ન બની શકી, અને બંગાળીઓ તો છેવટે પાકિસ્તાનથી જુદા પણ પડી ગયા ! ધર્મના આધારે અલગ રાષ્ટ્રની વાત જ સદંતર ખોટી સાબિત થઈ.

પૂર્વ પાકિસ્તાનના સંદર્ભમાં તો આ વાત આરંભથી જ નજરે પડવા લાગી હતી. ઉર્દૂને પાકિસ્તાનની રાષ્ટ્રભાષા બનાવવાની વાત બંગાળીઓને હરગિજ માન્ય નહોતી. પૂર્વ પાકિસ્તાનના મુસ્લિમોને મન તો ઉર્દૂ નહીં, બાંગ્લા ભાષા જ પોતીકી રહી અને રવીન્દ્રનાથ ટાગોર જ એમના સૌથી મોટા કવિ રહ્યા. અને જ્યારે બાંગ્લા દેશ પાકિસ્તાનથી છૂટો પડી જઈને સ્વતંત્ર દેશ બન્યો, ત્યારે બાંગ્લા દેશે પોતાના રાષ્ટ્રગીત તરીકે રવીન્દ્રનાથનું 'આમાર સોનાર બાંગ્લા' ગીત જ પસંદ કર્યું. ભારતનું રાષ્ટ્રગીત 'જન ગણ મન' પણ રવીન્દ્રનાથનું જ. કોઈ બે દેશનાં રાષ્ટ્રગીત કોઈ એક જ કવિનાં હોય, એવો કિસ્સો ભાગ્યે જ બીજો હશે.

ધર્મના નામે લોકો વચ્ચે ભેદભાવ પાડવાનું અને ધર્મના આધારે અલગ રાષ્ટ્ર રચવાનું કેટલું ખોટું છે, તે આના ઉપરથી દીવા જેવું સ્પષ્ટ થઈ જાય છે. આ ઘટનાઓએ દ્વિરાષ્ટ્રની થિયરીનો ભાંગીને ભુક્કો કરી નાખ્યો.

આપણા દેશના નેતાઓએ લાચારીથી ભાગલાનો સ્વીકાર કરેલો, પણ આ બે રાષ્ટ્રની થિયરીને હરગિજ માન્ય નહોતી કરી. તેથી ભારત બિન-સાંપ્રદાયિક રાષ્ટ્ર બન્યું તથા ધર્મ, જાતિ, કોમ, ભાષા કે એવા બીજા કશાયે ભેદભાવ વિના અહીં સહુને સમાન નાગરિક અધિકાર અપાયો. મુસ્લિમો સહિત બધી જ લઘુમતીઓને ભારતના બંધારણે પૂરી સ્વતંત્રતા ને સમાનતા બક્ષી. આને લીધે મુસ્લિમો પણ દેશના જાહેર જીવનમાં તેમ જ અન્ય ક્ષેત્રોમાં પોતાનું પ્રદાન કરતા રહ્યા. તેમાંના ઘણાએ દેશના સર્વોચ્ચ પદોની જવાબદારી પણ નિભાવી અને રાષ્ટ્રપતિ સુધ્ધાં બન્યા. પાકિસ્તાન સાથે યુદ્ધો થયાં, તેમાંયે અનેક બહાદુર અને દેશપ્રેમી મુસલમાન સૈનિકો ને સેનાપતિઓ ભારત વતી લડીને મરાયા ને શહીદ થયા. સામાજિક ને સાંસ્કૃતિક ક્ષેત્રે પણ અનેક મુસ્લિમોનું અનોખું પ્રદાન મળતું રહ્યું. હજારો વરસથી આ દેશમાં પાંગરી રહેલું હિંદુ-મુસ્લિમોનું સહિયારું સંમિશ્રિત પ્રજાજીવન પણ વિકસતું રહ્યું.

પરંતુ આની સાથોસાથ સમાજમાં અગાઉની જેમ કેટલોક કટ્ટર કોમવાદી ને ધર્મઝનૂની વર્ગ પણ હતો. તેમાં હવે વળી એક નવું તત્ત્વ ઉમેરાયું હતું. પડોશમાં પાકિસ્તાન એક ઇસ્લામી રાજ્ય બન્યું હતું. તેનો ભારે રોમાંચ ને આકર્ષણ આ વર્ગને હતું. આ વર્ગની નજર ભારત કરતાં પાકિસ્તાન તરફ વિશેષ રહેતી, પાકિસ્તાન તેને વધારે પોતીકું લાગતું. ઉપરાંત, બહુજન મુસ્લિમ સમાજ અત્યંત ગરીબ, અશિક્ષિત અને રૂઢિચુસ્ત માનસ ધરાવનારો છે. તેની આવી સ્થિતિનો ગેરલાભ એમના ધર્મના મુલ્લા-મૌલવીઓ તેમ જ ખંધા રાજકીય નેતાઓ બરાબર ઉઠાવતા રહ્યા છે. ધર્મના નામે ઉશ્કેરાટ ફેલાવીને તેઓ સામાન્ય લોકોને ખોટે માર્ગે દોરતા રહ્યા છે.

આના પ્રત્યાઘાત પણ ઊઠતા રહ્યા. હિંદુ કોમવાદી ને ધર્મઝનૂની તત્ત્વો પણ ધીરે ધીરે ફરી માથું ઊંચકતાં રહ્યાં. પરિણામે, બંને કોમ વચ્ચે અવિશ્વાસ અને પરસ્પર નફરતનું વાતાવરણ ઊભું થતું ગયું અને વચ્ચે વચ્ચે ખુન્નસભર્યા સંઘર્ષો પણ થતા રહ્યા.

ભારતે બિન-સાંપ્રદાયિક બંધારણ તો બનાવ્યું હતું, પણ એ બિન-સાંપ્રદાયિકતાને નક્કર ધરાતલ પર ઉતારવાની હતી અને દેશની વિવિધરંગી પ્રજાના જનજીવનમાં પ્રસરાવવાની હતી. પરંતુ આ દિશામાં વિધાયક કામ ઝાઝું થયું નહીં. તે માટે પ્રતિબદ્ધ ને દષ્ટિવંત નેતાગીરીનો અભાવ વર્તાયો.

સૌથી મોટી કમનસીબી એ થઈ કે આજના પક્ષીય રાજકારણે આમાં અત્યંત વરવો, અનર્થકારક ને નિંદનીય ભાગ ભજવ્યો. હિંદુ-મુસ્લિમ વિખવાદને સળગતો રાખીને પોતાના રોટલા શેકતા રહેવાનું ગોઝારું ઘૃણાસ્પદ કામ જેટલું અંગ્રેજ સરકારે કરેલું, તેના કરતાં વધારે સ્વતંત્ર ભારતના રાજકીય પક્ષો તેમ જ વામણા રાજદ્વારી નેતાઓએ કર્યું. પોતાની વૉટબૅન્કને ધીકતી રાખવા ગમે ત્યાં સુધી જવા અને ગમે તેવાં જઘન્ય કૃત્યો કરવા તેઓ તૈયાર છે. એમને ન દેશની પડી છે, ન લોકોની પડી છે. પોતાનું સંકીર્ણ રાજકીય ને પક્ષીય હિત જ એમને મન મુખ્ય છે.

આ રાજકારણના આઘાત-પ્રત્યાઘાતો ચાલ્યા જ કરે છે. શાહબાનુના કિસ્સાને લઈને મુસ્લિમ વૉટબૅન્ક ઊભી થઈ શકે, તો અયોધ્યાના મુદ્દાને લઈને હિંદુ વૉટબૅન્ક કેમ નહીં ? તેમ કરતાં-કરતાં અયોધ્યાનો પ્રશ્ન ચગાવાતો રહ્યો અને કટ્ટર હિંદુ રાષ્ટ્રવાદને વધુ ને વધુ ઉશ્કેરવામાં આવતો રહ્યો. છેવટે ગુજરાતમાં ગોધરાકાંડ અને ત્યાર બાદ જે ઘટનાઓ બની તેને લીધે દેશમાં ભાગલા વખતે ઊભું થયેલું તેવું કોમવાદી દ્વેષ, વૈમનસ્ય અને નફરતનું વાતાવરણ ફરી ઊભું થઈ ગયું છે.

સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે દ્વિ-રાષ્ટ્રવાદનો અનર્થકારક સિદ્ધાંત આજે ફરી આ દેશમાં માથું ઊંચકી

રહ્યો છે. એ વિષમય વેલ આજે રાષ્ટ્રજીવનમાં ફરી વિષ ફેલાવી રહી છે. હિંદુ રાષ્ટ્રવાદની વાત ફરી તેના વરવા સ્વરૂપમાં રજૂ કરાઈ રહી છે.

એટલે આજે એક ઘણી મહત્ત્વની નિર્ણાયક ઘડી છે. શું આ 'હિંદુ-મુસ્લિમ બે રાષ્ટ્ર'નો સિદ્ધાંત ફરી આ દેશને દોજખમાં હોમી દેશે ? શું આજનું આ વાતાવરણ આપણને ફરી દેશના બીજા ભાગલા ભણી દોરી જશે ? ભારે તીવ્ર મંથનની તથા ઊંડા ને સૂક્ષ્મ ચિંતનની આ ઘડી છે. પ્રજાજીવનની સ્વસ્થતા ને નિરામયતા માટે વિવેકપૂર્વક તત્કાળ કશુંક કરી છૂટવાની આ ઘડી છે.

એટલું નિર્વિવાદ છે કે અડધી સદી પહેલાં પડેલા દેશના ભાગલા મુખ્યત્વે આ દ્વિ-રાષ્ટ્રવાદની થિયરીને કારણે જ પડેલા. બંને કોમ જો અલગ-અલગ રાષ્ટ્ર છે, અને બંને જો સાથે રહી શકતી નથી, તો દેશના ભાગલા પાડી નાખો અને દેશનો જુદો જુદો પ્રદેશ બંને વચ્ચે વહેંચી લો. આજે ફરી જો આ જ દ્વિ-રાષ્ટ્રવાદનો સિદ્ધાંત તમારે પ્રસ્થાપિત કરવો હશે, તો ભાગલા સિવાય બીજો કોઈ ઉપાય નહીં રહે. અને એ પહેલાં કરતાં વધુ ખતરનાક ને ભયંકર બની રહેશે. એ ભાગલા અગાઉ જેવા પ્રદેશના ભાગલા નહીં હોય, ખરેખરા દેશના જ ભાગલા હશે, દેશના રોમરોમના ભાગલા હશે. પેલા ભાગલાથી તો દેશના અમુક પ્રદેશો, અમુક ભાગો દેશથી છૂટા પડી જઈને અલગ પાકિસ્તાન બની ગયા, એટલું જ માત્ર થયું. આજે હવે જે ભાગલા પડશે, તે દેશની અંદર જ ગામે ગામ અને નગરે નગરે અમુક ભાગ અલાયદા બની જઈને, exclusive એટલે કે એકાંતિક બની જઈને ત્યાં હજારો ને લાખો પાકિસ્તાન ઊભાં થશે. હિંદુ અને મુસ્લિમો પોતપોતાના ghetto —પોતપોતાની પૃથક્ વસ્તીમાં વહેંચાતા જશે. દેશનું પ્રજાકીય પોત આને લીધે ફિસ્સું બનતું જશે. દેશ નબળો બનશે. દેશની સાંસ્કૃતિક રાષ્ટ્રીયતા વીંખાઈ જશે. સર્વ સમાવેશક ભારતીયતામાં મ્હોરેલું હિંદુત્વ કરમાઈ જશે, સંકીર્ણ બની જશે. જગતના ચોકમાં વિવેકાનંદે લહેરાવેલા સમન્વયકારી ને સુસંવાદી હિંદુત્વના વાવટાના લીરા-ચીરા ઊડી જશે.

દ્વિ-રાષ્ટ્રવાદની થિયરી એક વિકૃત ને વિઘાતક થિયરી છે. સાંસ્કૃતિક, માનવીય ને જાગતિક દૃષ્ટિએ તે પારોઠનાં પગલાં ભરાવતી થિયરી છે. તે થિયરીએ જ રામકૃષ્ણ-વિવેકાનંદના આધુનિક જમાનાને અનુરૂપ એવા સંસ્કૃતિ-સંગમના નૂતન અભિયાનમાં વિક્ષેપ ઊભો કર્યો, આ દેશની પ્રગતિને સો વરસ પાછી ઠેલી, અને અંતતોગત્વા આ દેશના કમનસીબ ભાગલા પડાવ્યા. આનાં પાકિસ્તાનમાં તેમ જ ભારતમાં જે પ્રત્યક્ષ પરિણામો આવ્યાં છે, તેણે આ થિયરીનો ભાંગીને ભુક્કો કરી નાખ્યો છે. હજીયે તે થિયરીને વળગી રહેવું તેમાં નરી હારાકીરી છે, આત્મઘાતક નાદાની છે.

# ૪

# પ્રજાજીવનનું એકત્વ અને સાંસ્કૃતિક સુસંવાદિતા

**સ્વા**મી આનંદ કહેતા કે કેટલાંક પ્રાણીઓના કોઠા જ એવા છે કે તેમાં જે કાંઈ પડે તેનું અમૃત થાય, અને બીજા કેટલાંકના એવા કે અમૃતનુંયે ઝેર થઈ જાય. ગાય ઘાસ ખાઈને તેનું અમૃત જેવું દૂધ કરીને આપે છે, જ્યારે સાપનો કોઠો દૂધનું ઝેર કરી દે છે ! રાજકારણીઓ આવી રીતે બધાનું ઝેર કરી નાખે છે.

રાજકારણે જ હિંદુ-મુસ્લિમ સંબંધમાં આવું ઝેર ઘોળ્યું છે. રાજકારણે જ સદીઓથી પાંગરતા આવેલા બંનેના સહિયારા સંમિશ્રિત પ્રજાજીવનને છિન્નભિન્ન કરી નાખવાના કારસા રચ્યા છે. રાજકારણે જ આપણી ભારતીય સંસ્કૃતિની સમન્વયાત્મક પ્રક્રિયાને રૂંધી નાખી છે, કુંઠિત કરી નાખી છે. રાજકારણે જ રામકૃષ્ણ-વિવેકાનંદ દ્વારા ગઈ સદીના અંતે આરંભાયેલ બૃહદ્ સમન્વય અને સંસ્કૃતિ-સંગમના નૂતન અભિયાનમાં એકદમ વિક્ષેપ ઊભો કરી દીધો છે તથા તે દિશાની પ્રગતિને સો વરસ પાછી ધકેલી દીધી છે. રાજકારણે જ બંને કોમ વચ્ચે દુર્ભાવ વધારતા જઈને છેવટે દેશના ભાગલા પડાવ્યા છે તથા ત્યાર બાદ પણ રાજકારણે જ બંને કોમ વચ્ચેનો દૂરીભાવ વધારતા રહેવાના ઊધામા કર્યે રાખ્યા છે.

આજે હવે રાજકારણના સકંજામાંથી આ બાબતને સંપૂર્ણપણે છોડાવી દઈને રામકૃષ્ણ-વિવેકાનંદના તૂટેલા તંતુને ફરી સાંધી લેવાનો છે. રામકૃષ્ણ-વિવેકાનંદ જે કરવા માગતા હતા, તે ભારતીય સંસ્કૃતિનું જ સ્વાભાવિક એવું આગળનું પગલું હતું. આ ભારતભૂમિમાં હજારો વરસથી જે સમન્વયની પ્રક્રિયા ચાલી, તેને જ હવે આગળ વધારવાની હતી, હજી બૃહદ્ કરવાની હતી. સર્વ સમાવેશક ભારતીયતામાં પરિણત થયેલું હિંદુત્વ હવે વૈશ્વિકતાને, વિશ્વ સંગ્રાહકતાને આંબવા મથી રહ્યું હતું. ભારતીય સંસ્કૃતિ સાથે ભારતની બહારની અન્ય સંસ્કૃતિઓનોયે મેળ-મિલાપ થઈ રહ્યો હતો. અને આ બધી ધર્મ-સંસ્કૃતિઓ એક જ છે, એક જ સત્યના વિધવિધ આવિર્ભાવ સમાન છે, એવા રામકૃષ્ણ પરમહંસના રોમરોમના આત્મ-પ્રત્યયના નક્કર પાયા ઉપર આ બૃહદ્ સંસ્કૃતિ-સંગમ વાસ્તવમાં ચરિતાર્થ કરવાનો હતો.

સમજવાની વાત એ છે કે અહીં મુસલમાન, ખ્રિસ્તી અને બીજાઓ આવ્યા અને આપણે એમની ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓના સંપર્કમાં આવ્યા, તે કાંઈ આફત નહીં, આશીર્વાદ જ છે. આને લીધે આપણને કે એમને નુકસાન નહીં, લાભ જ થયો છે.

આવો સંપર્ક થાય છે, ત્યારે આરંભમાં કાંઈક સંઘર્ષ, ખેંચાતાણી, ગેરસમજ વગેરે થાય, પરંતુ છેવટે તો આનાથી ભલું જ થાય છે. વિશ્વકુટુંબ તરફ આગળ વધવામાં આવો મેળ-મિલાપ બહુ મોટો ભાગ ભજવે છે.

છેલ્લાં હજાર વરસનો આપણા દેશનો ઇતિહાસ આમાં સાક્ષી પૂરે છે. બંને કોમ વચ્ચેના સંઘર્ષનો, વેરભાવનો, વિખવાદનો જે ઇતિહાસ આપણને ભણાવ્યે ને ગોખાવ્યે રખાય છે, તે રાજકારણનો ઇતિહાસ છે, પ્રજાજીવનનો નહીં. ઇતિહાસ માત્ર રાજાઓનો જ નથી હોતો, પ્રજાઓનો પણ હોય છે. ખરું જોતાં, ખરો ઇતિહાસ રાજાઓનો નહીં, પ્રજાનો જ હોય છે. અને પ્રજાજીવનનો આપણો હજાર વરસનો ઇતિહાસ એમ કહી જાય છે કે અનેક સંતોએ, ફકીરોએ, મહાપુરુષોએ આ ભૂમિમાં હિંદુ-મુસ્લિમ એકતાને ખૂબ પોષી છે, ખૂબ ઘૂંટી છે. બહારથી આવેલ ધર્મ-વિચારનો તેમ જ સંસ્કૃતિનો આપણી સંસ્કૃતિ સાથે સંગમ કરાવી દેવાની એક લાંબી, ઊંડી ને ગહન પ્રક્રિયા અહીં સતત ચાલતી રહી છે. આને લીધે એક સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિ અહીં પાંગરતી રહી છે.

આવા આ સહિયારા સંમિશ્રિત પ્રજાજીવનનું જો યથાર્થ અવલોકન કરીશું, તો સ્પષ્ટ જણાશે કે હિંદુ ને મુસ્લિમ એવાં બે અલગ રાષ્ટ્રો નથી જ નથી, તેઓ બંને એક જ ભારતીય રાષ્ટ્રના



બાશિંદા છે. બંને હવે સેંકડો વરસથી સાથે રહેતા આવ્યા છે, અને બંનેનું એક સહિયારું જનજીવન આ ભૂમિમાં પાંગરતું રહ્યું છે. ગ્રામસ્તરે તેમજ રાષ્ટ્રીય સ્તરે બંને કોમ એકબીજા સાથે ગુંથાતી આવી છે. ગામેગામ એકબીજાનાં સુખ-દુ:ખમાં ભાગ લઈને હળીમળીને રહેતો બહુજન સમાજ જુઓ, કળા ને સાહિત્યનું ક્ષેત્ર જુઓ, સંગીત ને સ્થાપત્યનું ક્ષેત્ર જુઓ, રમતગમતનું ને વૈજ્ઞાનિક સંશોધનનું ક્ષેત્ર જુઓ, બધે જ બંને કોમો હરગિજ જુદી પાડી ન શકાય એ રીતે એકબીજા સાથે ગુંથાઈ ગઈ છે, એકરૂપ થઈ ગઈ છે, એક જ રાષ્ટ્રના રંગે રંગાઈ ગઈ છે.

આપણા રાષ્ટ્રજીવનમાં મુસલમાનોના આગવા પ્રદાન ઉપર એક ઊડતી નજર નાખી લઈએ, તોયે આપણી આ સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિનો યથાર્થ ખ્યાલ આપણને આવી જાય તેમ છે. શાસ્ત્રીય સંગીતના ક્ષેત્રે સૌથી આગળની હરોળમાં મુસ્લિમો જ છે. શરણાઈ-વાદક ઉસ્તાદ બિસ્મિલ્લાહખાંનું તો 'ભારતરત્ન'નો સર્વોચ્ચ ઇલકાબ આપી સન્માન પણ કરવામાં આવ્યું. આકાશવાણી ઉપર 'વંદે માતરમ્' પછી તુરત બિસ્મિલ્લાહખાંની શરણાઈના સૂરોથી જ રોજ આરંભ થાય છે. રમતગમતના ક્ષેત્રે ક્રિકેટ હોય કે હોકી હોય, મુસ્લિમ ખેલાડીઓ નોંધપાત્ર પ્રદાન કરતા આવ્યા છે. આજે પણ ઝાહીરખાન, મોહમ્મદ

Acc. No 30278
Date

કૈફ કે ઈરફાન પઠાણ ભારતીય ક્રિકેટમાં માનભેર પોતાનું સ્થાન ધરાવે છે. ફિલ્મી ક્ષેત્રે તો મુસ્લિમ કળાકારો દેશ આખામાં બહુ લાડીલા ને માનીતા છે. શાહરૂખખાન કે તે પહેલાં દિલીપકુમાર રૂપેરી પરદે શરદબાબુના દેવદાસ બનીને આવે છે, ત્યારે કોઈ પરાયી ભૂમિના નહીં, અદ્દલોઅદ્દલ આ જ ભૂમિના કણેકણથી રસાયેલા લાગે છે. હિંદી ફિલ્મને 'ઓસ્કાર'ના આંગણા સુધી પહોંચાડનાર બંને જણ મુસલમાન જ હતા —મહેબૂબખાન અને આમીરખાન. મહેબૂબખાનની 'મધર ઇન્ડિયા'માં ભારતમાતાને એની પૂર્ણ સાંસ્કૃતિક લાક્ષણિકતા સાથે નરગિસે જ કચકડે સાકાર કરી હતી.

ધર્મના ભેદ આમાં ક્યાંય વચ્ચે નથી આવ્યા, કવિ, ગીતકાર, સંગીતકાર, કળાકાર કોઈ ધર્મ નથી જાણતા. એમનો માત્ર એક જ ધર્મ છે, માનવધર્મ, કળાધર્મ, માણસની અંતરની ઊર્મિઓને અભિવ્યક્ત કરવાનો ધર્મ. ફિલ્મ 'બૈજુ બાવરા'નું એક ચિરસ્મરણીય ભક્તિગીત —''મન તડપત હરિ-દર્શન કો આજ.'' હરિ-દર્શનની આ તડપનને શબ્દબદ્ધ કરી હતી શકીલ બદાયુનીએ, તેને સ્વરબદ્ધ કરી હતી ભારતીય સંગીત સાથે ઓતપ્રોત થઈ ગયેલા નૌશાદે, અને તેને કંઠ આપેલો મોહમ્મદ રફીએ. એવું જ એક બીજું ચિરસ્મરણીય ગીત —''મધુબન મેં રાધિકા નાચે રે, ગિરિધર કી મુરલિયા બાજે રે !'' આમાં પણ શકીલ-નૌશાદ-રફીની ત્રિપુટી જ હતી. તદુપરાંત, રૂપેરી પરદે આ ગીતને રજૂ કર્યું હતું દિલીપકુમાર ઉર્ફે યુસૂફખાને તથા આ ફિલ્મ 'કોહિનૂર'ના દિગ્દર્શક પણ એક મુસલમાન જ હતા. નિતાંત કૃષ્ણલીલાનું આ ગીત આપણા સ્મરણપટ કર અંકિત કરી જનાર આ પાંચેય મુસ્લિમ બંધુઓને વિધર્મી ગણીશું કે સહધર્મી ? કૃષ્ણભક્તિનાં ગીતોની જ વાત કરીએ, તો તેમાં મુસ્લિમ શાયર રસખાનનો ફાળો અવ્વલ દરજ્જાનો છે. અને ભારતીય સંસ્કૃતિનું મહાકાવ્ય 'મહાભારત' જ્યારે ટીવી ઉપર રજૂ થયું, ત્યારે તેની આખીયે પટકથા એક મુસ્લિમ—રઝાસાહેબે જ લખી હતી. ભારતીય સંસ્કૃતિ સાથે ઓતપ્રોત થયા વિના એ લખાઈ હશે ?

આ બધો આપણો સહિયારો સાંસ્કૃતિક વારસો છે. હજારેક વરસના સહજીવને બેઉ પ્રજાને ઘણી નિકટ આણી છે, અને આમાંથી એક સંમિશ્રિત સહિયારી સંસ્કૃતિ ઊભી થઈ છે. હવે એ કેવળ હિંદુ સંસ્કૃતિ કે મુસ્લિમ સંસ્કૃતિ રહી નથી. બંને મળીને એક ભારતીય સંસ્કૃતિ બની ગઈ છે. ચિત્રકળા, સ્થાપત્ય વગેરેમાં તો પરસ્પરના આદાન-પ્રદાનમાંથી તેમ જ બંનેના સમન્વયમાંથી નવી સંમિશ્રિત શૈલીઓ ઊભી થઈ ગઈ છે. તેમાં બંનેનાં સુંદર તત્ત્વોનું એવું તો કલાત્મક મિશ્રણ થઈ ગયું છે કે તેમાં હિંદુ શૈલી કઈ અને મુસ્લિમ

શૈલી કઈ, તે જુદી જુદી ઓળખી શકાતી પણ નથી. આના શ્રેષ્ઠ નમૂના તરીકે અમદાવાદની જુમ્મા મસ્જિદ તેમ જ અન્ય કેટલીક ઈમારતોને ગણાવાય છે. હિંદુ-મુસ્લિમ સ્થાપત્ય પર ઊંડું સંશોધન કરનાર આચાર્ય સુભાષ બ્રહ્મભટ્ટ કહે છે : ''પથ્થરમાં કંડારાયેલું આ સ્થાપત્ય હિંદુ-મુસ્લિમ એકતાનું મહાકાવ્ય છે.'' આવા જ એક બીજા નિષ્ણાત રત્નમણિરાવ જોટેએ લખ્યું છે : ''જગતના સ્થાપત્યના ઇતિહાસમાં બે સંસ્કૃતિના વિરોધાભાસોની એકતા આટલી મનોહર રીતે કદી ક્યાંય સધાઈ નથી. વિરોધાભાસી તત્ત્વોનું મિશ્રણ કરવામાં અહીંના સ્થપતિઓએ અપૂર્વ બુદ્ધિ, કળા અને વ્યવહારકુશળતા દાખવી છે.''

ટૂંકમાં, સહિયારા પ્રજાજીવનનો તેમ જ સંમિશ્રિત સંસ્કૃતિનો ઇતિહાસ તો આવો એકતાના મહાકાવ્યનો અને સમન્વયના સુમધુર સંવાદનો જ ઇતિહાસ છે. તેમાં આજે જે કાંઈ અંતરાયો ઊભા થયા છે, તે કેટલાંક સંકીર્ણ કટ્ટરવાદી પરિબળો તથા માત્ર વોટબૅન્ક જોનારાં ટૂંકનજરિયા રાજદ્વારી પરિબળોએ ઊભા કરેલા છે. એમના સકંજામાંથી પ્રજાજીવનને અને રાષ્ટ્રના જીવનને છોડાવીએ, તો પ્રજાકીય એકત્વ અને સાંસ્કૃતિક સુસંવાદિતા અવશ્ય ખીલી ઊઠશે.

આને માટે સૌથી પહેલી જરૂર એ છે કે, જૂનું-જૂનું ખોદી-ખોદીને ખરાબ-ખરાબને ગાયા કરવાને બદલે સારા-સારાને ખોળી-ખોળીને આગળ કરીએ. ઉપરાંત, ઇતિહાસના ખોટા આકલન અને વિપરીત અર્થઘટનને કારણે જે કેટલીક ગેરસમજો, ગ્રંથિઓ, પૂર્વગ્રહો વગેરે બંધાઈ ગયા છે, તેમાંથી મુક્ત થઈ જઈએ. રૂઢ થઈ ગયેલી કેટલીક ખોટી છાપો ભૂંસી નાખીએ.

દાખલા તરીકે હિંદુ માનસમાં એક એવી છાપ પડી ગઈ છે કે મુસલમાનો એટલે બસ, આક્રમણખોર અને લૂંટારા. પરંતુ રામમનોહર લોહિયાએ કહ્યું છે તેમ જે બધા લૂંટારાઓ હતા, એમને ઇસ્લામ ધર્મ સાથે કશું લાગતું-વળગતું નહોતું. તેઓ અહીં લૂંટ કરવા આવ્યા હતા, હિંદુઓ પર આક્રમણ કરવા નહીં. તેથી જ જ્યારે તૈમૂર લંગે અહીં આવીને ચાર-પાંચ લાખ માણસોની કતલ કરી નાખી, ત્યારે તેમાંથી ત્રણ લાખ મુસલમાન હતા. ક્યારેક મુગલ મુસલમાને પઠાણ મુસલમાનોની અને ક્યારેક આફ્રિકી મુસલમાને મુગલ મુસલમાનોની કતલ કરી. ડૉ. આંબેડકરે પણ કહ્યું છે કે આ બધી અફઘાનો, તાર્તારો ને મુગલો વચ્ચેની લડાઈ હતી. તેઓ એકબીજાના જીવલેણ દુશ્મનો હતા. એમના આક્રમણને હિંદુ-મુસ્લિમ સવાલ સાથે કોઈ લેવાદેવા નહોતી.

અહીં રાજ ચલાવવા તો મુગલો આવ્યા. અને મુગલ બાદશાહ બાબરે પોતાના દીકરા હૂમાયૂને લખેલો અંતિમ પત્ર આજેય નેશનલ મ્યુઝિયમમાં જોવા મળે છે : ''આ હિંદુસ્તાનમાં અનેક ધર્મ છે.

આવું સર્વ ધર્મ ધરાવનાર રાજ્ય આપણને મળ્યું, તે માટે આપણે અલ્લાહનો આભાર માનવો જોઈએ. આપણે આખા સમાજ સાથે ન્યાયપૂર્વક વર્તવું જોઈએ. એમને પોતપોતાનો ધર્મ પાળવાની છૂટ આપવી જોઈએ.''

આવું જ મંદિર તોડવાની બાબતમાં. એ એક હકીકત છે કે ઇસ્લામ બુતપરસ્તીમાં માનતો નથી. અને એ પણ ખરું છે કે કેટલાક ધર્માંધ મુસલમાનોએ ધર્મઝનૂનથી પ્રેરાઈને મૂર્તિઓ ને મંદિરો તોડવાનાં કામો કર્યાં છે. પરંતુ આજે તેને યાદ કર્યા કરવાનો અને આખા મુસ્લિમ સમાજને તેની સાથે જોડી દેવાનો કોઈ અર્થ નથી. વળી, આમાં પણ મંદિરની સંપત્તિ લૂંટવાના આશયે ઘણો ભાગ ભજવ્યો છે. આ રીતે કેટલાક હિંદુઓએ પણ મંદિરો લૂંટ્યાં છે ને તોડ્યાં છે. ઇતિહાસ એમ કહે છે કે કાશ્મીરનો હર્ષદેવ નામનો રાજા હિંદુઓનાંયે મંદિરો લૂંટતો. તેના રાજની આવકના ચોપડામાં એક ખાતું 'દેવોત્પાદન'નું પણ હતું ! મંદિરો લૂંટીને તેમાંની સોનાની ને અન્ય ધાતુઓની મૂર્તિઓ ઓગાળીને જે આવક થતી, તે આ ખાતામાં જમા થતી.

ઉપરાંત, ધર્મઝનૂનથી પરધર્મીઓનાં મંદિરો તોડવાનો ઈજારો કોઈ એક જ ધર્મનો નથી રહ્યો. એવું ઝનૂન લગભગ બધા ધર્મોમાં જોવા મળે છે. અયોધ્યા એક વાર બૌદ્ધ ને જૈન ધર્મોનુંયે કેન્દ્ર રહ્યું હતું. લગભગ અઢી હજાર વરસ પહેલાં અહીં અયોધ્યામાં હિંદુ, બૌદ્ધ ને જૈન ધર્મો વચ્ચે ખૂનખાર ગૃહયુદ્ધ ખેલાયું હતું. બ્રાહ્મણોએ અહીંના બૌદ્ધ વિહારો, પ્રાર્થના મંદિરો વગેરેના વિધ્વંસનું એક મોટું અભિયાન જ ચલાવીને બૌદ્ધોને અયોધ્યામાંથી ખદેડી મૂકયા હતા. બ્રાહ્મણોએ ત્યારે જૈન દેવાલયોનોય વિનાશ કર્યો હતો.

માટે આજે હવે આ બધો ભૂતકાળ ખોદી-ખોદીને શું વળવાનું છે ? ઇતિહાસ ભૂતકાળનો બોધપાઠ ગ્રહણ કરી લઈને શાણા બનવા માટે તથા વર્તમાન ને ભવિષ્યને ઉજાળવા માટે છે, ભૂતકાળનું ઝેર ઉલેચી-ઉલેચીને વર્તમાન ને ભવિષ્યને વિષમય બનાવી મૂકવા માટે નહીં. તેથી હવે આ મુદ્દાને પણ આગળ કરીને હિંદુ-મુસ્લિમ સંબંધમાં ઝેર ફેલાવવાનું બંધ થવું જોઈએ.

આવી જ રીતે કેટલાક મુસલમાન બાદશાહોએ પણ અહીં જુલમો કર્યા, તેને યાદ કરી-કરીને આજના મુસલમાન સમાજ પ્રત્યે દુર્ભાવ ને દ્વેષભાવ ફેલાવતા રહેવાનું બંધ કરવું જોઈએ. રાજા, વાજાં ને વાંદરા ! અને એ બધી તો સત્તાની સાઠમારી ને સત્તાના ખેલ. ઔરંગઝેબને ગાદીએ બેસાડવામાં હિંદુ રાજાઓ ને સામંતોએ જ આગળ પડતો ભાગ ભજવેલો. તેને બદલે એમણે જો ઔરંગઝેબના ભાઈ દારાને ટેકો કર્યો હોત, અને દારા દિલ્લીની ગાદીએ આવ્યો હોત, તો ઇતિહાસ કાંઈક જુદો જ હોત.

દારા શિકોહ સંસ્કૃતનો વિદ્વાન ને ઉપનિષદો વગેરેનો ઊંડો અભ્યાસી હતો. તેણે 'મજમા-ઉલ-બેહરાં' નામે એક ગ્રંથ લખેલો, જેનો અર્થ થાય છે —'બે મહાસાગરોનો સંગમ : હિંદુ ધર્મ અને ઇસ્લામ.' આ પહેલાં અકબરે પણ 'દીને ઈલાહી' દ્વારા આવા સંગમ માટે પ્રયત્ન ક્યાં નહોતો કર્યો ?

ખરે જ, ભારતની આ સમન્વયકારી ભૂમિ હિંદુ અને ઇસ્લામ જ નહીં, સર્વ ધર્મોના પુનિત સંગમ માટે જ સર્જાયેલી છે. રામકૃષ્ણ-વિવેકાનંદે આજના જમાનાને અનુરૂપ આવા સંસ્કૃતિ-સંગમ માટેનું જ અભિયાન આરંભેલું. તેમાં વચ્ચેનાં સો વરસ દરમ્યાન જે વિક્ષેપ ઊભો થયો છે, તે દૂર કરીએ તથા ભારતીય સંસ્કૃતિના મૂળ મિશન સમી સમન્વયની પ્રક્રિયાને જ સુદૃઢ કરતા જઈને આગળ વધારીએ.

# ૫

# સાવ નવું પ્રકરણ શરૂ કરવાની તાતી જરૂર

**કો**મી વિખવાદના પ્રશ્ન બાબત એક નૂતન નરવા સ્વસ્થ અભિગમની આજે તાતી જરૂર છે. તે જાતિ-ધર્મ વગેરે કશાયે લેબલ વિનાના નર્યા માણસ તરીકેનો અભિગમ હોય. તે આઘાત-પ્રત્યાઘાત, આક્ષેપ-પ્રતિઆક્ષેપ વગેરેમાંથી બહાર નીકળી જઈને આ દેશની સંસ્કૃતિને અનુરૂપ એવો સમન્વયકારી અભિગમ હોય. તે જૂનું વરવું ખોદી-ખોદીને યાદ કર્યા કરનારો અને ખરાબ-ખરાબને ગાયા કરનારો નહીં, પણ સારા-સારાને ખોળી-ખોળીને આગળ કરનારો અભિગમ હોય. તે ભેદભાવનાં બિંદુઓને નહીં, સમાનતાનાં બિંદુઓને શોધનારો અભિગમ હોય. આને મેં પંચમ અભિગમ કહ્યો છે.

એક તીવ્ર મંથનની આ ઘડી છે. તલસ્પર્શી અવગાહન ને પુનરાવલોકનની આ ઘડી છે. ઊંડા ને સૂક્ષ્મ ચિંતન-મનનની આ ઘડી છે. આજે આપણે જે દિશામાં ડગલું માંડીશું, તેના ઉપરથી આપણો આગળનો રાહ નક્કી થવાનો છે. આજે સવાલ માત્ર તત્કાલીન કોમી વિખવાદનો જ નથી, અથવા તો વિભિન્ન વિચારધારાઓના વિતંડાવાદનો કે પક્ષાપક્ષીના રાજકારણનો નથી. સવાલ મૂળમાં

ભારતીય સંસ્કૃતિનો છે, હજારો વરસથી આ ભારતભૂમિમાં જે એક માનવીય ને સાંસ્કૃતિક સાધના ચાલી રહી છે, તેની અખંડતાનો છે. સમન્વય અને સંસ્કૃતિ-સંગમના આપણી ભારતીય સંસ્કૃતિના મૂળ મિશનને કોઈ જફા ન પહોંચે, તે માટેની ઊંડી ને ગંભીર નિસ્બતથી આજે આપણે બધું વિચારવાનું છે.

સમાજ સમક્ષ ધર્મની વિભાવના તેના શુદ્ધ, નરવા, સ્વસ્થ સ્વરૂપમાં રજૂ થાય, તેની આજે તાતી જરૂર છે. ધર્મ બહુ ચર્ચાયેલો ને ગવાયેલો, તેમ છતાં બહુ ઓછો સમજાયેલો વિષય છે. તેના વિશે સ્વસ્થતાપૂર્વક સમત્વયુક્ત વિચાર બહુ ઓછો થાય છે. એટલે આજે ધર્મ વિશેની અધકચરી ને ક્યારેક તો અતિ વિકૃત માન્યતાઓને કારણે એક બાજુ, કેટલાક ધર્મના નામે લોહી રેડવા સુધી પહોંચી જાય છે, તો બીજી બાજુ, 'બધાં અનિષ્ટોનું મૂળ ધર્મ જ છે,' એવી ગાંઠ વાળીને કેટલાક ધર્મને સમાજમાંથી, કમ સે કમ જાહેર જીવનમાંથી નેસ્તનાબૂદ કરી નાખવા તત્પર બની જાય છે. આવા સંજોગોમાં ધર્મની વિભાવના તેના શુદ્ધ, નરવા, સ્વસ્થ સ્વરૂપમાં રજૂ થાય, તે અત્યંત જરૂરી છે.

વિનોબાજીનું કહેવું છે કે ઝઘડો કદાપિ બે ધર્મો વચ્ચે થતો જ નથી, જે ઝઘડો થાય છે, તે બે અધર્મો વચ્ચે જ થાય છે. એટલે અધર્મને હાંકી કાઢી શુદ્ધ ધર્મ મ્હોરી ઊઠે, તે આપણે જોવાનું



છે. દરેકને એમ સમજાવવાનું છે કે જૂનીપુરાણી સંકુચિત માન્યતાઓને અને રીતરિવાજોને ધર્મને નામે પકડી રાખવા, એ કાંઈ ધર્મનું લક્ષણ નથી. ધર્મનું તો સતત શોધન થતું રહેવું જોઈએ, તો જ ધર્મ વિકાસશીલ રહેશે. સંકુચિત માન્યતાઓને વળગી રહીને તો આપણે ધર્મને ભારે નુકસાન પહોંચાડીએ છીએ. આજની પરિસ્થિતિના સંદર્ભમાં ધર્મોને પણ વિવેકપૂર્વક તપાસવા પડે તથા તે બધાનો સત્યાંશ ગ્રહણ કરી લઈને તેનો સમન્વય કરવો પડે. ધર્મો વચ્ચેની સમાનતા અને એકરાગિતા એક વાર ખ્યાલમાં આવી જશે, તો ઘણા બધા ઝઘડા મટી જશે અને ધર્મના નામે સમાજના ટુકડા થવાનું બંધ થશે.

'સેક્યુલરીઝમ' વિશેની ગેરસમજ પણ દૂર થવી જોઈશે. 'સેક્યુલરીઝમ' એટલે ધર્મહીનતા નહીં પણ પરિશુદ્ધ ધર્મ-ભાવના, ધર્મ-પરામુખતા નહીં પણ સર્વધર્મ માટેનો પોતીકાપણાનો ભાવ. 'ધર્મ-નિરપેક્ષ' એટલે 'ધર્મહીન' નહીં, માત્ર 'બિન-સાંપ્રદાયિક' —કોઈ પણ સંપ્રદાય સાથે જોડાયેલું નહીં. માણસે સંપ્રદાયોથી ઉપર ઊઠવાનું છે અને અસલ ધર્મનું આચરણ કરતાં-કરતાં એક માનવધર્મ વિકસાવવાનો છે.

દુનિયા આજે નાની થઈ ગઈ છે. વિવિધ ધર્મો હવે છૂટાછવાયા ન રહેતાં એકબીજાની નિકટ અડોઅડ આવી ગયા છે, ત્યારે એમની વચ્ચે કુસ્તી થશે કે દોસ્તી ? જો કુસ્તી થાય, તો ધર્મભાવના અને

સંસ્કૃતિ-સાધનાના નામે અત્યાર સુધી જે કાંઈ સંચિત થયેલું છે, તે બધું વેરાઈ-વિખેરાઈ જાય; પરંતુ જો દોસ્તી થાય, તો એક માનવધર્મ અને એક વિશ્વ-કુટુંબની દિશામાં આગળ વધવા માટેની અનુકૂળતા ઊભી થાય. આજના વિશ્વીકરણના જમાનામાં આવો એક બહુ મોટો પડકાર આપણી સામે છે. આવી સમન્વયની પ્રક્રિયા ચાલતી રહે, તો જ તેમાંથી નવી માનવ-સંસ્કૃતિ પાંગરતી રહે અને નહીં તો આના વિના દુનિયામાં ક્યારેય સુખ-શાંતિ-સમૃદ્ધિ આવી શકશે નહીં.

આવા એક અત્યંત વ્યાપક વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં આજના આપણે ત્યાંના કોમી વિખવાદના પ્રશ્નને જોવો-સમજવો પડશે અને તેનું સમાધાન શોધવું પડશે. ભારતીય સંસ્કૃતિના માથે આજની ઘડીએ આ એક બહુ મોટી જવાબદારી છે. આજે દુનિયામાં clash of civilisations (સભ્યતાઓના સંઘર્ષ)ની વાતો થાય છે. હટિંગ્ટન નામના વિદ્વાને એક પુસ્તક પણ આ જ નામે લખ્યું છે.

આ સંઘર્ષને જો ટાળવો હશે, તો ભારતીય સંસ્કૃતિનું સમન્વયનું મિશન જ કામમાં આવશે. સંઘર્ષ નહીં, સહયોગ ને સમન્વય. સભ્યતાઓ ને સંસ્કૃતિઓ વચ્ચેનો clash (સંઘર્ષ) નહીં, પણ congruence (સામંજસ્ય) અને confluence (સંગમ, સંમિલન). ભારતીય સંસ્કૃતિમાં સહુને સમાવી લેતી, આત્મસાત્ કરતી રહેતી સમન્વયની પ્રક્રિયા અખંડ ચાલતી રહી છે. અનેકવિધ તાત્ત્વિક વિચારભેદ અને પાર વિનાના આચારભેદને પચાવી જવાની તથા વિવિધતામાં એકતા સાધવાની અદ્ભુત શક્તિ ભારતીય સંસ્કૃતિએ દાખવી છે. હવે આવો જ બૃહદ્ સમન્વય આખા વિશ્વના ફલક ઉપર સાધવાનો છે, તો જ સંસ્કૃતિઓ વચ્ચેનો સંઘર્ષ ટાળી શકાશે અને આ દિશામાં આગળ વધવા માટે ભારતે સૌથી પહેલાં પોતાની ભૂમિમાં આવો બૃહદ્ સમન્વય તેમ જ સંસ્કૃતિ-સંગમ સાધી બતાવવાનો છે, અને દુનિયા આખીને એક ઉજ્જ્વળ દાખલો પૂરો પાડવાનો છે. ભારત આખરે વિશ્વની એક લઘુ આવૃત્તિ સમાન છે. વિશ્વ જ્યારે એક કુટુંબ બનવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે માનવજાતને ભારતનું આ જ શ્રેષ્ઠ યોગદાન ગણાશે.

માટે બે રાષ્ટ્રવાદની થિયરીને હવે કાયમને માટે દફનાવી દઈએ. બે રાષ્ટ્ર નહીં, એક જ રાષ્ટ્ર, અને આપણે સહુ એક જ ધરતીના બાશિન્દા. 'એ લોકો'ની ભાષા જ ખોટી. 'આપણે લોકો' અને આપણા લોકોની સહિયારી સંમિશ્રિત ને સર્વસમાવેશક ભારતીય સંસ્કૃતિ. આ ભાવનાને જ પાળીએ-પોષીએ. આ ભાવનાનું જ સંગોપન-સંવર્ધન કરીએ. તેમાં જે કાંઈ અંતરાયો આવતા હોય, તેને સાથે મળીને દૂર કરીએ. મુખ્ય વાત છે,. પૂર્વગ્રહોથી મુક્ત થઈને સંકુચિત ને દ્વેષભર્યું વલણ છોડવાની તથા વ્યાપક દષ્ટિકોણ

અપનાવીને પરસ્પર સંવાદ ઊભો કરવાની. પ્રજાકીય એકાત્મતામાં નાહક અંતરાયો ઊભા કરતી નાની-નાની બાબતોને રાજદ્વારી અને કટ્ટરવાદી સંકીર્ણ પરિબળોની ચુંગાલમાંથી છોડાવીશું, તો જ તેનો ઉકેલ આવશે. નહીં તો તે કાયમ ગૂંચવાતી જ રહેશે અને વાતાવરણને કલુષિત કરતી જ રહેશે.

આજે તાતી જરૂર છે, વ્યાપક દિલની અને દીર્ઘ દૃષ્ટિની, થોડુંક દૂર જોવાની. માણસની મેધા કહે છે, *'દીર્ઘ પશ્ય, મા હ્રસ્વ'* —દૂરનું જુઓ, કોચલામાં પુરાઈ ન રહો. થોડુંક દૂરનું જોઈશું, તો જણાશે કે આ દેશની સંસ્કૃતિ સામે આજે મુખ્ય પડકાર કોઈ ધર્મનો નહીં, પણ એક ભાન ભૂલેલી અર્થવાદી ને ભૌતિકવાદી સભ્યતાનો છે. આ પડકાર આપણી ધરતીના વિવિધધર્મી બાશિન્દાઓનો નહીં પણ 'ન્યૂ વર્લ્ડ ઓર્ડર'ના નામે દુનિયા આખીમાં પોતાનો જ કક્કો ખરો કરવા નીકળેલાઓનો અને સત્તા-સંપત્તિના કેફથી મદોન્મત્ત બની ગયેલાઓનો છે તથા પૈસાને જ પરમેશ્વર માની બેઠેલી એમની ખોટી ને વિઘાતક ફિલસૂફીના ઘોડાપૂરનો છે. આ ઘોડાપૂર ભારતીય સંસ્કૃતિને ખેદાનમેદાન કરી નાખશે, ભારતીય સંસ્કૃતિનું ધનોતપનોત કાઢી નાખશે. પર્યાવરણવાદીઓને આ પૃથ્વી પરથી કેટલીક સ્પીસીસ —પ્રજાતિઓ નેસ્તનાબૂદ થઈ જાય તેની ચિંતા ને ભીતિ છે, પરંતુ તેનાથીયે કેટલાય ગણો મોટો ભય તો અમેરિકાના આ ઘોડાપૂરમાં આપણા જેવી હજારો વરસની અનેક સંસ્કૃતિઓ નામશેષ થઈ જાય તેનો છે. અમેરિકાના આ અતિશય વિધ્વંસક ને અનિષ્ટકારક ઘોડાપૂરનો સામનો કેવી રીતે કરવો, એ આજની ઘડીનો સૌથી મોટો પડકાર છે.

આ પડકાર ઝીલી લેવા માટે પ્રચંડ સંઘશક્તિની જરૂર પડશે. યુરોપિયન સંઘના પ્રત્યક્ષ દાખલામાંથી બોધપાઠ લઈ દક્ષિણ-પૂર્વ એશિયાના બધા દેશોનો મહાસંઘ રચીને જ આજે આ પડકારને ઝીલી શકાશે. લોહિયાના કોન્ફેડરેશનથી ને વિનોબાના એ-બી-સી ત્રિકોણથી ને આજના સાર્કથી એક ડગલું આગળ વધીને આ સમસ્ત પ્રદેશના બધા દેશોને સમાવી લેતા એક મહાસંઘની રચના કરવાના ધ્યેય સાથે આજે આપણે આગળ વધવાનું છે. ધીરે ધીરે વખત જતાં આ સમસ્ત પ્રદેશનું એક લચીલું એકમ બનશે અને એક વ્યાપક ભાવાત્મક ઐક્ય પાંગરશે, તો તે આખા વિશ્વ ઉપર અને વિધવિધ જાગતિક પ્રવાહો ઉપર બહુ કલ્યાણકારી ને નિર્ણાયક પ્રભાવ પાડી શકશે.

આ મહાસંઘમાં મલેશિયા-ઇન્ડોનેશિયા જેવા મુસ્લિમ બહુલ વસ્તી ધરાવતા દેશો પણ હશે, અને તેનાથી ઘણા વ્યાવહારિક લાભો થશે. મલેશિયા વગેરેમાં ઇસ્લામની એક જુદી જ પ્રગતિશીલ ને સુધારાવાદી તાસીર ઊભરેલી છે. આપણી અને પાકિસ્તાનની

મુસ્લિમ પ્રજાને પ્રગતિશીલ માર્ગે લઈ જવામાં તે મદદરૂપ થશે. ઉપરાંત, આ દેશોને લીધે આ મહાસંઘમાં હિંદુ-મુસ્લિમ વસ્તીના પ્રમાણમાં થોડીક સમતુલા આવશે. આને પરિણામે ઘણાં વરસોથી મુસ્લિમોના મનમાં હિંદુઓની મોટી બહુમતીનો જે ખોટો-સાચો ડર ઊભો થતો રહ્યો છે, તે દૂર થશે તથા સમાન ધોરણે તંદુરસ્ત ને વિશ્વાસભરી ભાગીદારીનો નવો યુગ શરૂ થઈ શકશે. વળી, આ મહાસંઘમાં સ્વાભાવિક રીતે એક સહિયારી સંમિશ્રિત સંસ્કૃતિ પાંગરે, તે માટે ઘણી અનુકૂળ ભૂમિકા છે. ભારતમાંથી બૌદ્ધ તેમ જ હિંદુ સંસ્કૃતિ આ સમસ્ત પ્રદેશમાં વરસોથી ઠીક ઠીક ફેલાયેલી છે. ત્યાંના લોકજીવનમાં આપણે ત્યાંનાં અનેકવિધ સાંસ્કૃતિક મૂલ્યો ઠીક ઠીક પ્રમાણમાં રસાઈ ગયાં છે. આને લીધે આવો મહાસંઘ સ્વાભાવિક અને વ્યવહારુ પણ બની રહેશે, અને તેમાં એક અનોખા સંસ્કૃતિ-સંગમને પાંગરવા માટે અનુકૂળ ભોંય અને ખાતર-પાણીયે સાંપડી રહેશે.

તદુપરાંત, એક બહુ મોટો ભાવાત્મક લાભ થશે. આવો એક મહાસંઘ રચાય, તો ભારત ને પાકિસ્તાન વચ્ચેની સરહદો ભૌતિક રીતે (ફિઝિકલી) ભલે ભૂંસી નાખી નહીં શકાય, પણ માનસના સ્તરે તેમ જ પ્રત્યક્ષ વ્યવહારમાં તો ઘણી બધી ભૂંસાઈ જશે તથા ભાવાત્મક ઐક્યનો ઠીક ઠીક અનુભવ થઈ શકશે. આ પણ એક બહુ મોટી નિષ્પત્તિ હશે. હિંદુ-મુસ્લિમ વચ્ચેના કોમી વિખવાદનો કાયમનો ઉકેલ પણ આવા કોઈક વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જ કાંઈક સંભવ લાગે છે.

જો કે આમાં કાશ્મીર એક સૌથી મોટી આડખીલી છે. તેને દૂર કરવી જ રહી, પરંતુ લાગતાવળગતા બધાંઓમાં જ જો પૂરેપૂરી પ્રામાણિકતા હોય, આટલાં બધાં વરસોની ખાનાખરાબી જોઈને જો કાંઈક સાન આવી હોય તથા ઉપર વર્ણવ્યો છે, એવા મહાસંઘની દિશામાં આગળ વધવાની ખરેખર તાલાવેલી હોય —મૂળમાં તો તેમ કરવું આજની પરિસ્થિતિમાં અનિવાર્ય જ છે એવી દૃઢ પ્રતીતિ હોય, તો કાશ્મીર પ્રશ્નનોયે ઉકેલ લાવવાનું અશકય નથી જ. આ ઉકેલ એવો હોવો જોઈએ કે ભારત અને પાકિસ્તાન બંનેનું મન અને માન જળવાય, બેમાંથી એકેયને પોતે હાર્યા જેવું ન લાગે તથા કાશ્મીરી પ્રજાનું સર્વોચ્ચ હિત સધાય. આવું થાય, તો જ એ ઉકેલ મહાસંઘની રચના માટે ઉપકારક નીવડે અને તે માટેની અનુકૂળ ભૂમિકા રચી જાય. આ બધી દૃષ્ટિએ શ્રેષ્ઠ ઉકેલ એ છે કે કાશ્મીરનું એક સ્વતંત્ર રાજ્ય રચાય, જેમાં પાકિસ્તાનના કબજા હેઠળનું કાશ્મીર પણ હોય અને ભારતના કબજા હેઠળનું આખું કાશ્મીર પણ હોય, એટલે કે તેમાં જમ્મુ ને લદાખ પણ હોય. (જે, કે અને એલ)આ નવું સ્વતંત્ર ને અખંડ કાશ્મીર હિંદુ, મુસ્લિમ ને બૌદ્ધ, એ ત્રણેય

સંસ્કૃતિના સંગમ સ્વરૂપ આ મહાસંઘના જ એક નાનકડા પ્રતીક સમું બની રહે. આમાં છોડવાનું છે તો ભારત ને પાકિસ્તાન, બંનેએ છોડવાનું છે, અને જીત છે તો બંનેની જીત છે. આના વિના આપણે આઝાદ કાશ્મીરનો પ્રદેશ પાકિસ્તાનના હાથમાંથી ક્યારેય છોડાવી નહીં શકીએ અને આ રીતે આ ખૂબસૂરત મુલકની ખૂબસૂરત પ્રજા વરસોની અનર્ગળ યાતનામાંથી છૂટશે, અને ત્યાં ફરી પૃથ્વી પરનું સ્વર્ગ બની રહેશે. કાશ્મીરની ભૂમિ કોમી ઐક્યના આદર્શ દાખલા રૂપ ભૂમિ, છેલ્લાં થોડાં વરસોને બાદ કરતાં, અત્યાર સુધી રહી છે, અને એ રીતે એ ફરી ફૂલી-ફાલી શકશે. કાશ્મીરનો પ્રશ્ન ઊકલતાં સૌથી મોટી આડખીલી દૂર થશે અને મહાસંઘની દિશામાં જવા માટે અનુકૂળ ભૂમિકા રચાશે. જો ફ્રાન્સ ને જર્મની વરસોની પોતાની કટ્ટર દુશ્મનાવટ ભૂંસી નાખીને એક યુરોપિયન મહાસંઘ રચી શકતા હોય, તો ભારત ને પાકિસ્તાન પણ મહાસંઘ કેમ ન રચી શકે ?

આ બધું ગમે તેટલું અઘરું ને સ્વપ્નવત્ લાગતું હોય, તોયે આજના આપણી સામેના વિરાટ પડકારને ઝીલી લેવા માટે આવું જ કોઈ વિરાટ કદમ ભરવાનું અનિવાર્ય છે. દૂરંદેશીપૂર્વકના ખરા દિલના તેમ જ સમુચિત આયોજન સાથેના સંગઠિત પ્રયાસોથી આ બધું જરૂર સાધી શકાય તેમ છે.

આમ, એક સાવ નવું પ્રકરણ શરૂ કરવાની આજે તાતી જરૂર છે. આને માટે નવું ચિત્ત જોઈશે ને નવું ચિંતન જોઈશે. આને માટે નવાં અરમાન જોઈશે ને નવો અભિગમ જોઈશે. આને માટે જૂનું ઘણું છોડવું પડશે ને નવું ઘણું ઝીલવું પડશે. આને માટે ભારતીય સંસ્કૃતિના સમન્વયના મૂળ મિશનને આગળ વધારીને હિંદુત્વનું તેના અસલ સ્વરૂપમાં પૂર્ણ પ્રફુલ્લીકરણ કરવાની નિષ્ઠાપૂર્વકની તમન્ના જોઈશે અને હૃદયપૂર્વકની નિસ્બત જોઈશે. આને માટે છેલ્લાં સો વરસમાં સંકીર્ણ રાજકારણ તેમજ અન્ય વિપરીત પરિબળો દ્વારા ઊભા થયેલા કમનસીબ વિક્ષેપને દૂર કરીને તથા રામકૃષ્ણ-વિવેકાનંદના તૂટી ગયેલા તંતુને ફરી સાંધી લઈને બૃહદ્ સંસ્કૃતિ-સંગમની પ્રક્રિયાને પૂર્ણપણે ખીલવવાનો દૃઢ સંકલ્પ ને ભગીરથ પુરુષાર્થ જોઈશે.

પંચમ અભિગમનો આ મર્મ છે, પંચમ અભિગમની આ પ્રાર્થના છે, અંતરની આરત છે. દુર્ભાગ્યે, આજના વિષમ ને ડહોળાયેલા વાતાવરણમાં આ પંચમ અભિગમ વિસરાયો છે, ઉપેક્ષિત રહ્યો છે, કલુષિત કોલાહલ વચ્ચે ઘણું ખરું મૂંગો ને ગૂંગો રહ્યો છે. પરમ કૃપાળુને એ જ પ્રાર્થના કે એની દયાનું દ્વાર ખોલે અને પંચમ સૂર મેં ગૂંગા બોલે !

# વિચારનો શુદ્ધિયજ્ઞ

ગોધરામાં અને ગોધરા પછી જે કાંઈ બન્યું,
તે અવિચારનું પરિણામ છે.
ધર્મના નામે ધર્મના સાવ ખોટા ખ્યાલથી
માણસ પોતાની બધી જ માણસાઈ ખોઈ બેઠો
માણસ માણસ સાથે એવી રીતે વર્ત્યો
કે જાણે માણસમાં દિલ જેવી કોઈ ચીજ ન હોય !
નરદમ અવિચારનું આ પરિણામ છે.

o

માટે આજે
વિચારનો એક શુદ્ધિયજ્ઞ ચલાવવો પડશે.
ડંકાની ચોટ પર વિનોબાનું કહેવું છે કે
ઝઘડો બે ધર્મો વચ્ચે નથી થતો,
બે અધર્મો વચ્ચે જ થાય છે.
ત્યારે ખરેખરો ધર્મ શું છે, તે જાણવું પડશે.
ધર્મની વિભાવના તેના શુદ્ધ સ્વરૂપમાં રજૂ કરવી પડશે.
ધર્મની જ્યારે ગ્લાનિ થઈ છે અને અધર્મની બોલબાલા છે,
ત્યારે શુદ્ધ ધર્મની પુનઃસ્થાપના માટે
સહુ શાણા, સમજદાર સજ્જનોએ સક્રિય બનવું પડશે.
આજની ઘડીનો આ તકાજો છે.

Acc. No. 130278
Date 10-9-2010
SIMLA

## આ પુસ્તિકાની સાથોસાથ અવશ્ય વાંચો—

| | | રૂપિયા |
|---|---|---|
| ગર્વથી કહું છું, હું હિંદુ છું-મુસલમાન છું-ખ્રિસ્તી છું....... | વિનોબા | ૧૦ |
| ભારતીય સંસ્કૃતિ | વિનોબા | ૨૦ |
| હિંદુત્વ–એક અધ્યયન | કાન્તિ શાહ | ૩૦ |
| મિયાં ને મહાદેવનો મેળ પડશે જ પડશે | કાન્તિ શાહ | ૨૦ |
| આંસુ લૂંછવા જાઉં છું | પ્યારેલાલ | ૧૦ |
| આ તે ગરવી (કે વરવી ?) ગુજરાત ! | સં. મહેન્દ્ર મેઘાણી–જગદીશ શાહ | ૧૦ |

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

દ્વાર દયા કા જબ તૂ ખોલે
પંચમ સૂર મેં ગૂંગા બોલે !

આવરણ : ગુલામ મોહમ્મદ શેખ

૧૦ રૂપિયા

Library IIAS, Shimla
GJ 891.473 SH 136 P
00130278

SABARMATI ASHRAM
000765 Ahmedabad
PANCHAM SUR ME GUNGA
BOLE GUJ.
MRP:Rs.10